
સંતવાણી ગ્રંથાવલિ ૨૪

# શ્રી રંગ અવધૂત



# શ્રી રંગ અવધૂત

## (Shri Ranga Avadhoot)


લેખક

**જયંતીલાલ આચાર્ય**

મૅનેજિંગ ટ્રસ્ટી, અવધૂત નિવાસ ટ્રસ્ટ

(નારેશ્વર)



**નવજીવન પ્રકાશન મંદિર**

અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.


**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**દશ રૂપિયા**



© ગુજરાત દિવ્ય જીવન સંઘ



ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ભૂમિકા | ૧ |
| ૨. | કુળપરિચય | ૪ |
| ૩. | બાળપણ અને અભ્યાસકાળ | ૬ |
| ૪. | વ્યવસાયી જીવન | ૧૫ |
| ૫. | નારેશ્વરમાં આગમન | ૧૮ |
| ૬. | નર્મદાપરિક્રમા | ૨૨ |
| ૭. | માતૃભક્તિ | ૨૫ |
| ૮. | મહાનુભાવોના સંપર્કમાં | ૨૯ |
| ૯. | સાહિત્યનિર્માણ | ૩૦ |
| ૧૦. | આદેશ-ઉપદેશ | ૩૩ |
| ૧૧. | દત્તોપાસના | ૪૩ |
| ૧૨. | આશીર્વાદાત્મક સંદેશાઓ | ૪૭ |
| ૧૩. | વિશિષ્ટ વિચારધારા | ૫૧ |
| ૧૪. | સમાપન | ૫૫ |

ॐ

॥ श्रीदत्तः प्रसन्नोऽस्तु ॥

॥ श्रीरङ्ग प्रसन्नोऽस्तु ॥

॥ श्रीरुकमाम्बा प्रसन्नोऽस्तु ॥

# ૧. ભૂમિકા

નર્મદાકિનારે આવેલું નારેશ્વરધામ આજે પૂ. શ્રીરંગ અવધૂત મહારાજના ત્યાંના નિવાસને કારણે જાણીતું બન્યું છે. શ્રીરંગ અવધૂતજીએ ત્યાં તપશ્ચર્યા કરી. લોકોને ઘડનારી અનેકવિધ આધ્યાત્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ કરી અને પોતાના આચાર દ્વારા સદ્‌વિચારોનો ફેલાવો કર્યો, તે કારણે નારેશ્વર તરફ લોકોનું ધ્યાન કેન્દ્રિત થયું છે.

આજે શ્રીરંગ અવધૂત મહારાજ ત્યાં સ્થૂળ દેહે ઉપસ્થિત નથી છતાં એમના એ સ્થાનમાં ધાર્મિક અને સામાજિક સેવાકાર્યોની પ્રવૃત્તિ ચાલે છે. ત્યાં નારેશ્વર મહાદેવનું શિવાલય છે. સવારે બરાબર પાંચ વાગ્યે એ મંદિરમાં આરતી થાય છે. તે પછી રંગમંદિરે આરતી, પ્રભાતિયાં વગેરેનો ક્રમ થાય છે. જે યાત્રિકો આવે છે તેને નિવાસ કરવા માટે ત્યાં ધર્મશાળાઓ છે. બપોરે પ્રસાદની વ્યવસ્થા પણ વિનામૂલ્યે થાય છે. અવારનવાર ઉત્સવો, યજ્ઞો, નેત્રયજ્ઞ, શસ્ત્રક્રિયા શિબિરો, એન.એસ.એસ.ની પ્રવૃત્તિના ભાગરૂપ વિવિધ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો વગેરેની શિબિરો, સાધુસંતોના સાન્નિધ્યમાં ધ્યાન, ભજન, ધૂનનાં મિલનો થાય છે. અહીં એક દવાખાનું પણ ચાલે છે.

નર્મદાની પરિક્રમાએ નીકળનાર સર્વને અહીં સગવડ અપાય છે. સંપ્રદાય કે ધર્મને ધ્યાનમાં લીધા સિવાય સાધુ, સાધકો અને સદ્‌ગૃહસ્થોને અનુષ્ઠાન આદિ માટે સુવિધાઓ અપાય છે.

આ બધું વ્યવસ્થિત રીતે ટ્રસ્ટીમંડળ સંભાળે છે. એની પાછળ પૂ. શ્રીરંગ અવધૂત મહારાજશ્રીએ આંકી આપેલી નીતિ અને એમના અમોઘ આશીર્વાદ કામ કરે છે.

આજનું પ્રવૃત્તિથી ધમધમતું અને અનેક સુવિધાઓવાળું નારેશ્વરધામ જોઈ પુરાણા સમયનું - પાંચેક દાયકા પહેલાંનું નારેશ્વર તો યાદ પણ ન આવે તે સ્વાભાવિક છે. એ સમયનું નારેશ્વર એટલે આજુબાજુનાં પાંચસાત ગામોનું સ્મશાન. આજે જ્યાં અનેક ઈમારતો દેખાય છે ત્યાં ફાફડા થૂવરની અને અનુસરીનાં વૃક્ષોની ઝાડી જ ઝાડી. નાનામોટા સર્પો તો આમતેમ ફર્યા કરતા નજરે ચઢે જ ચઢે અને અત્યંત ઝેરી એવા મોરવીંછીનું તો જાણે વન! આવા જંગલમાં તો આવે પણ કોણ ? દસપંદર દિવસ સુધી માણસનું મોં પણ જોવા ન મળે એવું એ ભેંકાર સ્થાન. ધોળે દહાડે ખાવા ધાય તેવું. છતાં અવધૂતજીએ અહીં આસન જમાવ્યું કારણ કે એમને પોતાની ઘનિષ્ઠ સાધના માટે, અનુષ્ઠાન માટે, આવું જ એકાંત જોઈતું હતું.

અહીં નરી ભયાનકતા જ હતી છતાં અવધૂતજીની નજરે આવતાંની સાથે જ એક દિવ્ય દશ્ય પણ પડ્યું. એક મોટો નાગ બે મોરલાઓની વચમાં ગેલ કરતો, રમતો હોય તેમ જોયું. સાધારણ રીતે, આ બંને એકબીજાને જોતાં જ ખાવા-મારવા દોડે. તેના બદલે તેમને આ રીતે સાથે રમતા જોઈને અવધૂતજીને આ સિદ્ધભૂમિ છે તેની ખાતરી થઈ ગઈ. પછી તો આ દશ્ય

ઘણી વાર નજરે પડતું. વળી ઘણી વાર સવારે-સાંજે નારેશ્વર મહાદેવના મંદિરમાં જાણે આરતી થતી હોય, ઘંટના નાદ થતા હોય, વેદના મંત્રો ભણાતા હોય તેમ પણ સાંભળવામાં આવતું. પાસે જાય તો બધું બંધ થાય. દૂરથી સાંભળીને અવધૂતજીએ એવા દિવ્યનાદને સાંભળવાનો આનંદ લૂંટ્યા કર્યો.

પછી તો જેમ જેમ લોકો આવતા થયા તેમ તેમ અવધૂતજી પોતાનું નિત્યકર્મ પરવારી પછી રવિવારે અને ગુરુવારે તેમની સાથે વાતો કરતા થયા. શરૂમાં કોઈ ગાંડો બાવો આવ્યો છે એવી લોકોમાં વાતો થતી. ધીરે ધીરે તેમની તેજસ્વિતા અને તપશ્ચર્યા જોઈ તેઓએ આદરભાવથી જોવા માંડ્યું. અવધૂતજીએ પણ લોકોનો ભાવ જોઈ દીનદુખિયાંનાં દુ:ખો દૂર કરવામાં, જ્ઞાનગોષ્ઠિ દ્વારા આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક ઉપાધિઓ ટાળવામાં નિમિત્ત બનવા માંડ્યું. આજે જે લીમડા નીચે એ વધુ વખત બેસતા તે લીમડો અત્યંત નીચો નમી ઝૂંપડી જેવો બની ગયો છે. એનાં પાને એની સ્વાભાવિક કડવાશ પણ છોડી દીધી છે.

આવા નારેશ્વરના સંતરાજનું જીવન કેવું હશે ?

# ૨. કુળપરિચય

અવધૂતજીના કુળનો પરિચય જોઈએ, એમના વડવાઓની વાત લઈએ, એમના પિતાજીના પ્રસંગો પર દૃષ્ટિપાત કરીએ, કે ખુદ એઓશ્રીના બચપણથી તે બ્રહ્મલીન થયા ત્યાં સુધીની કોઈ પણ બિના પર વિચાર કરીએ, તો એક વાત સ્પષ્ટ થાય છે કે બધા જ આધ્યાત્મિક માર્ગનું જે એકમેવ ધ્યેયમોક્ષ, જન્મમરણની ઘટમાળમાંથી મુક્તિ – સર્વ ક્લેશમાંથી છૂટી જઈ આત્યંતિક સુખ મેળવવા-તરફ જ પહેલેથી જતા દેખાય છે. તેમાં પણ અવધૂતજીના સમગ્ર જીવનમાં આ ધાગો એકધારો ફૂલમાળાના દોરાની માફક પરોવાઈ ગયેલો દેખાય છે.

એમનું મૂળ વતન રત્નાગિરી જિલ્લાના સંગમેશ્વર તાલુકામાં આવેલું દેવળે નામનું નાનું ગામ. એમના બાપદાદા ત્યાં રહેતા હતા. ખડ્ગેશ્વર મહાદેવની ઉપાસના આજે પણ એ કુળમાં ચાલે છે. દાદા જેરામ ભટ્ટને, 'બાળંભટ્ટ'ના વહાલસોયા નામથી બધા ઓળખતા. તે અતિ વિદ્વાન, દસગ્રંથિ બ્રાહ્મણ હતા. યજ્ઞયાગાદિમાં એમની ખૂબ જ ખ્યાતિ હતી. ગૌસેવા તો પરંપરાથી જ ત્યાં હતી. બ્રાહ્મણધર્મનો આચાર તેઓ કડકડિત રીતે પાળતા. પરોપકારી અને ધર્મમય જીવન ગુજારતા. એ જેરામ ભટ્ટને ચાર દીકરા હતા તેમાં ત્રીજા નંબરના દીકરાનું નામ વિઠ્ઠલ હતું. એ જ અવધૂતજીના પિતાજી. અવધૂતજીનું મૂળ નામ પાંડુરંગ હતું. માતાજીનું મૂળ નામ કાશી હતું. પરંતુ દક્ષિણી રિવાજ મુજબ લગ્ન પછીનું તેમનું નામ રુક્મિણી રાખવામાં આવ્યું અને પાછળથી તેઓ અવધૂત પરિવારમાં મા

રુકમામ્બા તરીકે જાણીતાં થયાં.

ગોધરા(જિ. પંચમહાલ)માં વિઠ્ઠલ મંદિર આવેલું છે. એનો મૂળ પુરુષ સખારામ સરપોતદાર કરીને હતા. તેઓની વિનંતીથી જેરામ ભટ્ટજીએ પોતાના ત્રીજા નંબરના દીકરા શ્રી વિઠ્ઠલ ભટ્ટજીને એ વિઠ્ઠલ મંદિરમાં પૂજાકાર્ય માટે મોકલ્યા. આથી વિઠ્ઠલપંત અને રુક્મિણી માતા ગોધરા આવીને વસ્યાં.

વિઠ્ઠલ મંદિરની પૂજા કરવા ઉપરાંત, તેઓ યજ્ઞયાગાદિનું કાર્ય પણ કુળપરંપરા પ્રમાણે કરતા હતા અને થોડા જ સમયમાં એમનું કાર્ય એટલું પ્રશંસાને પામ્યું કે તે સમયમાં તે ગાળામાં તેઓએ સમાજમાં એક સાત્ત્વિક છતાં વિદ્વાન બ્રાહ્મણ તરીકેની ખ્યાતિ મેળવી લીધી.

માતા રુકમામ્બા પણ વ્રત-તપ-યુક્ત પવિત્રતાથી રહેતાં. એઓ તુલસીની નિયમિત પૂજા કરતાં. એક સમયે તો એક વ્રત તરીકે તુલસીની એક લાખ પ્રદક્ષિણા કરી હતી. લગ્ન પહેલાંનાં કુમારિકાનાં વ્રતો અને લગ્ન પછીનાં સૌભાગ્ય સ્ત્રીનાં વ્રતો તેમણે કર્યાં હતાં. શ્રદ્ધા અને ત્યાગનું તેઓ મૂર્તિમંત સ્વરૂપ જ હતાં. સદાય પ્રસન્નવદન અને વાત્સલ્યભાવથી ભરેલાં જોયાં-જાણ્યાં છે.

આવા પવિત્ર કુળમાં અવધૂતજીનો જન્મ થયો હતો.

તેઓશ્રીનો જન્મ કારતક સુદિ (આઠમ ઉપર) નોમને દિવસે વિ. સં. ૧૯૫૫, તા. ૨૧-૧૧-૧૮૯૮ ને સોમવારે પ્રદોષ સમયે થયો હતો. એમના જન્મ પહેલાં જ વિઠ્ઠલ મંદિર નજીક આગ લાગી હતી. બંબા તો તે વખતે હતા જ નહીં. માતા રુક્મિણી પણ અન્ય લોકો સાથે આગ ઓલવવાના કાર્યમાં

લાગ્યાં હતાં. આગ શાંત થયા પછી થોડી જ વારમાં બાળ પાંડુરંગનો જન્મ થયો. જગતના ત્રિવિધ તાપને શમાવવા જ આ બાળકનો જન્મ છે એમ પ્રકૃતિમાતા સૂચવતાં હતાં ને પાછળથી સત્ય સાબિત થયું, કારણ કે અનેક બળેલાં હૈયાંને તેમણે શાતા આપી હતી.

## ૩. બાળપણ અને અભ્યાસકાળ

**રામનામનો ગુરુમંત્ર**

નવ મહિનાની તદ્દન નાની ઉંમરમાં તો એ શુદ્ધ સ્પષ્ટ ઉચ્ચારથી સમજણપૂર્વક વાતચીત કરવા લાગ્યા હતા. દોઢ વર્ષની ઉંમરે તો પિતાની સાથે ગંભીર વિષયોની ચર્ચા કરવા લાગ્યા. ગૂઢ કૂટ પ્રશ્નોની પરંપરા રજૂ કરવા લાગ્યા.

એક વખત એક મડદાને સ્મશાનમાં લઈ જતાં, તેની પાછળ તેનાં સગાંવહાલાંને રડતાં જોઈને બાળ પાંડુરંગે પિતાને પૂછ્યું: ''આ બધાં કેમ રડે છે ? આ માણસને ક્યાં લઈ જાય છે ?'' પિતાએ કહ્યું: ''એ મરી ગયો છે, એને બાળવા માટે સ્મશાનમાં લઈ જાય છે. એના મરી જવાથી એનાં સગાંવહાલાં રડે છે.''

''એને બાળી દે તો એ દાઝે નહીં ?'' ફરી પ્રશ્ન થયો.

''મરી જાય તો દાઝે નહીં,'' પિતાએ સમજાવ્યું.

''પણ મરી જાય એટલે શું થાય ?''

''ખોળિયામાંથી જીવ જતો રહે અને ફરી પાછો ક્યાંક જન્મ લે.''

''એટલે એ જન્મે અને પાછો મરે, ફરી જન્મે અને ફરી મરે એવું થયા કરે એમ જ ને ?''

''હા.'' પિતાએ ટૂંકો જવાબ આપ્યો.

''ત્યારે એનાથી છુટાય નહીં ? મરવું જ ન પડે એવું કંઈ ન થાય ?''

''જરૂર થાય. રામનું નામ લેવાથી બધાથી છુટાય. જન્મવુંયે ન પડે ને મરવુંયે ન પડે !''

બસ, બાળકને ગુરુચાવી મળી ગઈ. રામનામનો ગુરુમંત્ર મળી ગયો અને પાંડુરંગે દોઢ વર્ષની નાની ઉંમરમાં રામનામના તારકમંત્રથી શ્રદ્ધાપૂર્વક ઉપાસના શરૂ કરી દીધી.

અવધૂતજીની ઉપાસના અને સાધનાનો ધાગો જીવનભરનો છે. ભલે તે શાળા-મહાશાળામાં ગયા, સામાજિક ક્ષેત્રે-શિક્ષણક્ષેત્રે પ્રવૃત્તિઓ કરતા રહ્યા હોય ! એઓશ્રીએ જીવનના પ્રત્યેક કાર્યને એક સાધનાનું જ સોપાન ગણ્યું છે. એ દષ્ટિએ દરેક પ્રવૃત્તિમાં ઝંપલાવ્યું છે અને તેથી જ એઓશ્રીની પ્રત્યેક પ્રવૃત્તિની પાછળ ભગવાનનો વરદ હસ્ત રહ્યો છે.

### ગુરુકૃપા

પાંડુરંગ આઠ વર્ષના થયા ત્યારે તેમને ઉપનયન સંસ્કાર (જનોઈ) આપવા માટે માતા તેમના ગામ દેવળેં ગયાં. પિતાજી વિઠ્ઠલપંત તો પાંડુરંગની પાંચ વર્ષની ઉંમર થઈ ત્યારે જ ગોધરામાં ચાલેલા પ્લેગના રોગનો ભોગ બની સ્વર્ગે ગયા હતા. પાંડુરંગના એક નાના ભાઈ નારાયણ તે સમયે ત્રણ વર્ષના હતા.

જનોઈ આપવાનો મંગળ વિધિ પૂરો થયા પછી દેવનાં દર્શન કરાવવા માટે બધાં નરસોબાની વાડીમાં ગયાં. નરસોબાની વાડી

દત્તાત્રેયના અવતાર શ્રીનૃસિંહ સરસ્વતીનું લીલાસ્થાન છે અને મહારાષ્ટ્રમાં કોલ્હાપુર નજીક આવેલું છે. તે વખતે ત્યાં શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ બિરાજતા હતા તેથી તેમનાં દર્શને પણ બધાં ગયાં. આ સ્વામી મહારાજશ્રીને દત્તાત્રેય ભગવાનનો સાક્ષાત્કાર થયો હતો અને તેઓ મહારાષ્ટ્રમાં ખૂબ જ આદરપાત્ર ગણાતા. સ્વામીનાં દર્શને ગયા ત્યાં બાળ પાંડુરંગને જોતાં જ સ્વામી બોલી ઊઠ્યા: ''આ બાળક તો અમારો છે કેમ રે છોકરા! તું કોનો?'' બાળકે તરત જ જવાબ આપ્યો: ''આપનો.'' એમ કહી ખોળામાં માથું મૂકવા બાળ પાંડુરંગ દોડ્યો. અપવિત્ર કપડાં સાથે સ્વામીને પગે લાગતાં માતાએ રોક્યો. પરંતુ માનસિક રીતે તો બાળકે માન્યું જ કે પોતાના ઉપર ગુરુકૃપા થઈ ચૂકી છે. અને મનોમન પોતાનું સર્વસ્વ ગુરુ મહારાજના ચરણમાં અર્પણ કરી દીધું. નાનપણમાં જ જાણે ગુરુ મહારાજ તરફથી આમ અનોખી રીતે દીક્ષા મળી ગઈ.

આ ગુરુ મહારાજનાં ફરીથી એમને સદેહે દર્શન થયાં નથી. પરંતુ જ્યારે પણ આ વાત નીકળે અથવા ગુરુભક્તિ કે ગુરુશ્રદ્ધા પર વાત થાય ત્યારે, તેઓશ્રી કહેતા કે તમને મારું માથું મારા ધડ પર ભલે દેખાતું હોય, પણ મેં તો મારું માથું મારા ગુરુ મહારાજના ખોળામાં ત્યારનું જ મૂકી દીધું છે!

**બેફિકર**

નાનપણમાં બધાં બાળકો નાગાંપૂગાં ફરતાં હોય છે તેમ એક વખત બાળ પાંડુરંગ રમતા હતા. સરપોતદારને ત્યાં કલેક્ટર આવવાના હતા. તેમણે કહ્યું: ''પાંડુરંગ, નાગો નાગો શું ફરે છે? કલેક્ટર સાહેબ આવવાના છે. ઘરમાં જા.'' પાંડુરંગે જરાય

કચવાટ વગર, સંકોચ વગર બેધડક કહી દીધું કે, ''મારે ઘરમાં જવાની શી જરૂર છે? કલેક્ટરને શરમ આવતી હશે તો મને ઢાંકશે.''

**સ્પષ્ટ વક્તા**

એક વાર શાળાનું ઈન્સ્પેક્ષન થવાનું હતું. શિક્ષકે બધા વિદ્યાર્થીઓને સારાં નવાં ચડ્ડી, ખમીસ, બૂટ, મોજાં વગેરે પહેરીને આવવા માટે આગ્રહ કર્યો. તે વખતે બાળ પાંડુરંગ વિનયપૂર્વક પણ સ્પષ્ટ રીતે ગર્જી ઊઠ્યા: ''સાહેબ, કપડાં સ્વચ્છ હોવાં જરૂરી છે. પણ અમુક પ્રકારનો જ પહેરવેશ હોવો જોઈએ એ બરાબર નથી. કદાચ સાહેબને ખુશ કરવા તમે એમ કહો કે તમે બધા કાળા છો તે સફેદો લગાડી ગોરા થઈને આવો !''

**વર્ણનશક્તિ**

ફાઈનલની પરીક્ષા હતી. તે સમયમાં ઈન્સ્પેક્ટર પરીક્ષા લેવા આવતા. નિબંધના પ્રશ્નમાં કોઈ એક તીર્થસ્થળનું વર્ણન કરવાનું હતું. પાંડુરંગે મણિકર્ણિકા ઘાટનું સુંદર શૈલીમાં આબેહૂબ વર્ણન લખ્યું. આ વાંચીને ઈન્સ્પેક્ટર અત્યંત મુગ્ધ થઈ ગયા, અને પાંડુરંગને પાસે બોલાવી પૂછ્યું: ''ભાઈ, તેં કાશી જોયું છે?'' ''ના સાહેબ.'' પાંડુરંગે જવાબ આપ્યો. ''ત્યારે વર્ણન તો તેં એવું સચોટ કર્યું છે કે જાણે કાશીમાં જ તું રહેતો હોય !'' આમ કહી ઈન્સ્પેક્ટરે તેને ધન્યવાદ આપ્યા.

**હાજરજવાબી**

સ્કૂલ-ફાઈનલની પરીક્ષાનો પ્રસંગ છે. તે સમયે મેટ્રિકની પરીક્ષા સાથે આ પરીક્ષા મૌખિક લેવાતી. અને આ પરીક્ષા

લેનાર તે સમયના ગોરા અધિકારી રહેતા. મૅટ્રિક સાથે જો સ્કૂલ-ફાઈનલ પાસ કરી હોય તો નોકરી ઝટ મળતી, તેથી વિદ્યાર્થીઓ આ બંને પરીક્ષાઓ આપતા.

પાંડુરંગની અંગ્રેજીની મૌખિક પરીક્ષા ગુજરાત કૉલેજના તે વખતના પ્રિન્સિપાલ શ્રી રોબર્ટસન લેનાર હતા. પાંડુરંગ તો શુદ્ધ બ્રાહ્મણના લેબાશમાં હતા. બધાથી જુદા તરી આવતા. આ વિદ્યાર્થીને - વિશિષ્ટ પહેરવેશ, માથે ચોટલી વગેરે - જોઈ તે અંગે પ્રશ્નો પૂછવા માંડ્યા. બાળ પાંડુરંગે જનોઈ, ચોટલી, ધારી વગેરે અંગે એવા તો હાજરજવાબી ઉત્તરો આપ્યા કે પરીક્ષા લેનાર બાળકની હિંમત, મેધાશક્તિ અને હાજરજવાબી જોઈ મુગ્ધ થઈ ગયા અને બાળકને પહેલે નંબરે પાસ કરી દીધો ! આ બધાં ચિહ્નો તેમણે આર્ય સંસ્કૃતિનાં પ્રતીકો છે એમ પુરવાર કર્યું હતું.

**અવધાનશક્તિ**

એમની અવધાનશક્તિ વિશે એમના બાળપણના સાથી સ્વ. ભાલચંદ્ર ભિવરે કહેતા: તેમના સમયમાં સનાતન ધર્મની પરીક્ષાઓ લેવાતી. અવધૂતજી પાસે આ પરીક્ષાનાં પુસ્તકો મળે નહીં, છતાં પરીક્ષા તો આપવી હતી. મારી પાસે પુસ્તકો હતાં તેથી તેઓ રોજ રાત્રે મારી પાસેથી પુસ્તકો લઈ જાય. એક એક વખત એ બધાં પુસ્તકો વાંચે અને પરીક્ષાઓ આપે. એમાં એઓશ્રી ઉપલે નંબરે પાસ થાય. આવી ત્રણેક પરીક્ષાઓ તેમણે આપી હતી. રોજ રાત્રે મારી પાસેથી જે પુસ્તક લઈ જાય તે પુસ્તક અચૂક બીજે દિવસે હું ઊઠ્યો ન હોઉં તો ઓશીકા પાસે પણ મૂકી જતા.

**વાચનવ્યાસંગ**

એમને નાનપણથી જ જ્ઞાનવૈરાગ્યભક્તિપ્રધાન સાહિત્યમાં જ રસ વધારે હતો. બાર વર્ષની ઉંમરે શ્રી દિવાકર કેશવ કૃત 'પરમાર્થ સોપાન' જેવું પુસ્તક શ્રી ભિવરે પાસેથી વાંચવા લઈ આવેલા. એ નાની ઉંમરે પણ પૂર્વજન્મના અભ્યાસબળે જ્ઞાનગાંભીર્યભર્યાં પુસ્તકોનો મર્મ સમજવાની શક્તિ તેઓશ્રી ધરાવતા હતા.

જ્યારે તેઓ હાઈસ્કૂલના છઠ્ઠા ધોરણમાં (આજનું દસમું ધોરણ) હતા ત્યારે, શિક્ષકોએ પણ ન વાંચ્યા હોય એવા અઘરા ગ્રંથો જેવા કે 'ઇંગ્લિશ એસેઈસ્ટ', 'ઇંગ્લિશ ઈલોકવન્સ', 'સુભાષિત રત્નભાંડાગારા' જેવાં પુસ્તકો તે વાંચતા.

રાજકીય પ્રવૃત્તિ અને વિદ્યાર્થીમંડળની પ્રવૃત્તિમાં પણ તેઓ આગળ પડતો ભાગ લઈ મોટી સભાઓ ગજાવતા.

તેઓનું સ્થાન હંમેશાં પહેલી પાટલી પર જ રહેતું અને તેઓ ઉચ્ચ કોટિના વિદ્યાર્થી હતા. તેઓ સામાન્ય રીતે ઓછું બોલતા, પણ જ્યારે કોઈ પ્રશ્ન પૂછવામાં આવતો ત્યારે તેનો સ્પષ્ટ અને સાચો જવાબ આપતા. એમાં એક પ્રકારનું ઊંડાણ અને આત્મવિશ્વાસ રહેતાં.

એક વાર વર્ગશિક્ષકે બધા વિદ્યાર્થીઓને ઘેરથી 'નદી' ઉપર નિબંધ લખી લાવવા કહેલું. પાંડુરંગે 'નદી' ઉપર એક લાંબું કાવ્ય લખી આણી બધાંને આશ્ચર્યમુગ્ધ કર્યા હતા.

**સ્વાશ્રય-તપ**

અવધૂતજી જ્યારે ગોધરામાં ભણતા હતા ત્યારે તેમની સાથે એક છોકરો શાળાએ આવતો હતો. એ છોકરાનું દફતર

મામલતદારનો પટાવાળો ઊંચકીને સાથે ચાલતો હતો. પાંડુરંગે કહ્યું: ''તારાથી સરસ્વતી માતાનો આટલો ભાર ઉપાડાતો નથી તો પછી સરસ્વીની ઉપાસના કરનાર વિદ્યાર્થીએ જાતે મહેનત-તપ કરવાની તત્પરતા દાખવવી જોઈએ તો જ ભગવાનની કૃપા ઊતરે છે.''

**સિંહની માતા**

એક દિવસ એવો પ્રસંગ બન્યો કે પડોશમાંથી કોઈ બાઈ રીંગણાં આપી ગઈ. એ રીંગણાં કંઈ ભેટમાં આપ્યાં ન હતાં. એ બાઈ શાક લાવી હશે અને ઘરવપરાશ કરતાં વધારે હશે એટલે આપી ગઈ. પાંડુરંગનાં માજીએ વહેલામોડા પૈસા આપવાના જ હતા. આમ તો વિઠ્ઠલપંતના અવસાન પછી પૈસા ન હોય તો શાક લાવવામાં આવતું જ નહીં, પણ પેલી બાઈ અવારનવાર શાક આપી જતી. અને આ વ્યવહાર બાળ પાંડુરંગની ગેરહાજરીમાં જ થતો. જેમ પુત્ર માતાને ઓછું ન આવે તેની કાળજી રાખતો તેમ, માતા પણ પુત્રને આ વ્યવહારની ગંધ ન આવે તેની કાળજી રાખતાં. પણ બાઈ રીંગણાં આપી ગઈ ત્યારે નસીબજોગે પાંડુરંગ હાજર હતા! અને પાંડુરંગે બાઈના ગયા પછી માતાને નમ્રતાપૂર્વક છતાં મક્કમપણે કહ્યું: ''માંજી, તમો બધું જ કરજો, બધું જ ભૂલી જજો પણ એ કદાપિ ભૂલશો નહીં કે તમો સિંહની માતા છો. મારી બે હાથ જોડીને પ્રાર્થના છે કે શાક વગર ચલાવીશું પણ આમ ઉછીનું કે ઉધાર જરા પણ કરશો નહીં.''

**દૃઢ આત્મબળ**

ઇન્ટરની પરીક્ષા આપવાની હતી. પાંડુરંગ બીમારીમાં પટકાયા હતા. એ સમયે એક બંગાળી સ્વામી બ્રહ્માનંદજીએ કહ્યું કે, જ્યોતિષની દૃષ્ટિએ તારા ગ્રહો જોતાં તું નાપાસ થઈશ એમ લાગે છે. વળી તારી માંદગી છે તેથી વાંચવાનું અને પરીક્ષા આપવાનું માંડી વાળ. માંદગીને લીધે તેં પરીક્ષા ન આપી એમ બધા માનશે પણ નાપાસ થઈશ તો તારી આબરૂ જશે.

પણ પાંડુરંગની તેજસ્વિતા અને આત્મબળ જબ્બર હતાં. રોજનું કામ રોજ કરનાર વિદ્યાર્થીને પરીક્ષાનો ડર તો હોય જ ક્યાંથી ? વળી એક વાર વાંચતાં જ બધું યાદ રહેતું હતું તેથી વિનયપૂર્વક તેમણે સ્વામીજીને જણાવ્યું કે હું પરીક્ષા આપીશ અને પાસ પણ થઈશ. તમારે તમારું ટીપણું ફાડી નાખવું પડશે એમ લાગે છે.

અને સાચે જ તેઓ સ્વામીજીના અને સર્વના આશ્ચર્ય વચ્ચે બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયા. સ્વામીજીને ખીજવતાં કહેવા લાગ્યા કે હવે ટીપણું ફાડી નાખો ! સ્વામીજી બિચારા શું કરે ? પાંડુરંગના દૃઢ આત્મબળનાં વખાણ કરવા લાગ્યા.

ગોધરામાં અભ્યાસ કરતા હતા ત્યારે એ દરરોજ સાંજે અડધો કલાક વાંસળી વગાડતા. પછી ફરવા જતા. એક દિવસ કંઈક બેચેની જેવું લાગ્યું એટલે વાંસળી વગાડી નહીં. સીધા ફરવા જવા બહાર નીકળ્યા. સામેની મેડી ઉપર બારીમાં એક બહેન બેઠેલાં. એમણે પૂછ્યું: ''કેમ આજે તમે વાંસળી વગાડી નહીં?'' પોતે એકદમ ચમકી ગયા. સામો સવાલ પૂછ્યો: ''તમે શા માટે આમ પૂછો છો?'' ''મને તમારી વાંસળી

સાંભળવી ખૂબ જ ગમે છે. હું દરરોજ તે સાંભળું છું અને આ સમયે રોજ રાહ જોઈને બેસું છું.'' તે ઝડપથી ઘેર પાછા ગયા. એક મોટો પથરો હાથમાં લીધો અને તેમની પેલી અત્યંત પ્રિય વાંસળીના ટુકડા કરી નાખ્યા. તેને કૂવામાં પધરાવી પાણી મૂક્યું કે આજથી કોઈ દિવસ વાંસળી વગાડવી નહીં. કોઈના મોહનું કારણ બનવું પડે એ પરિસ્થિતિ ઊભી જ ન થવા દેવી એ જ આની પાછળનું કારણ હતું.

આવું જ નારેશ્વરમાં પાછળથી જુદા સંદર્ભમાં બન્યું. તેમને એકાંતમાં વહેલી સવારે ભજન લલકારવાનો અભ્યાસ હતો. પરંતુ પાછળથી જાણ્યું કે એથી માજીની ઊંઘમાં ખલેલ પડે છે તેથી એઓશ્રીએ પોતાનો એ અતિપ્રિય શોખ પણ વિના સંકોચે છોડી દીધો !

આમ, નાનપણથી જ એમનો સમગ્ર વ્યવહાર સાધનાપોષક રહ્યો. આમ તો તેમની વેશભૂષા વગેરે સાદાં જ હતાં પણ એક સમયે એમ લાગ્યું કે ક્ષૌર કરાવવામાં પણ પરાવલંબીપણું અનુભવાય છે; ત્યારથી તે બંધ કરી લાંબા વાળ રાખવાનું શરૂ કર્યું. બાહ્ય દૃષ્ટિએ અનેકવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હોય તેમ દેખાવા છતાંય એ બધું તદ્દન જળકમળવત્ નિર્લેપ રહીને જ.

# ૪. વ્યવસાયી જીવન

કૉલેજના છેલ્લા વર્ષની છેલ્લી ટર્મ હતી. પોતે વડોદરા કૉલેજમાં હતા, અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ યુવાનોને હાકલ કરી - શાળા, મહાશાળા, સરકારી નોકરીઓ છોડી દેશની સ્વતંત્રતા કાજે કામ કરવાની. એ હાકલને માન આપી તેમણે રાષ્ટ્રભક્તિથી પ્રેરાઈને કૉલેજ છોડી. જતાં જતાં નોટિસ બોર્ડ ઉપર તેમણે લખ્યું: ''હું છોડીને જાઉં છું, જેમને પાછળ આવવું હોય તે આવે.''

ગાંધીજીએ ગોધરામાં ભરાયેલી ગુજરાત રાજકીય પરિષદના પ્રમુખપદેથી ઉચ્ચારેલું કે, ''પંચમહાલમાં વામન, વળામે અને ચંદ્રશંકર તેજસ્વી તારલાઓ છે.''

આ અગાઉ વડોદરાથી એક વખત અમદાવાદ જવાનું થયું. યુવાનોની એક સભા અંગે ગાંધીજીને મળવાનું થયું. કુશળ વર્તમાન પુછાયા બાદ ગાંધીજીએ પૂછ્યું: ''ક્યાંથી આવો છો?'' ''વડોદરાથી કૉલેજના પ્રતિનિધિ તરીકે આવું છું.'' ''શા આધારે આમ કહો છો ? કશો કાગળ આણ્યો છે?''

''બાપુજી, આ પ્રશ્ન ત્યારે જ ઉપસ્થિત થાય કે જ્યારે કોઈ ફરિયાદ કરતું આવે કે આ અમારો પ્રતિનિધિ નથી. જંગલમાં સિંહનો કોણ અભિષેક કરે છે ? એ તો સ્વાભિષિક્ત જ હોય છે.''

આવા આત્મવિશ્વાસથી ભરેલા જવાબો સાંભળી ગાંધીજી પાંડુરંગ વળામે સામે જોઈ રહ્યા અને સહર્ષ બોલ્યા: ''આવા આત્મવિશ્વાસથી ઊભરાતા એકસો જુવાનિયા મળે તો સ્વરાજ હાથવેંતમાં છે.''

એક પ્રસંગે ગોધરા-આણંદની ગાડીમાં પ્રવાસ કરતાં ગાંધીજીનો ભેટો થઈ ગયો. ગાંધીજીએ પૂછ્યું: ''ક્યાંથી આવો છો?''

''ડાકોરથી.''

ગાંધીજી તાજેતરમાં જ ડાકોર જઈ આવેલા એટલે સહજભાવે કહેવા લાગ્યા: ''ત્યાં ગંદકી બહુ જ, નહીં?''

''બાપુજી, હું તો ડાકોરનાથનાં દર્શન કરવા ગયો હતો. એ સુરમ્ય મનોહર મૂર્તિનાં દર્શન કરતાં આંખ ધરાઈ જ નહીં, એટલે બીજું કશું નજરે પડ્યું નથી.''

આ જવાબથી ગાંધીજીના મન પર જાણે નવો જ પ્રકાશ પડ્યો હોય તેમ બોલ્યા: ''વાત વિચારવા જેવી છે. ધ્યાન એક વિષય પર જ કેન્દ્રિત થાય તો તે વાત તરત સિદ્ધ થાય.''

ગૂજરાત વિદ્યાપીઠ સાથે સૌથી પહેલી જોડાયેલ રાષ્ટ્રીય વિનય મંદિરની શાળામાં એ કામ કરતા હતા તે સમયે એક પ્રસંગ બન્યો.

દર ગુરુવારે તેઓ એક વિદ્યાર્થીને દોઢ પાશેર પેંડા લાવવા એક રૂપિયો આપે. તે વિદ્યાર્થી એક જ દુકાનેથી એક જાતના પેંડા દર વખતે લાવે પણ કોઈ વખત પાંચ લાવે તો કોઈ વખત સાડા ચાર. અવધૂતજી તો વિદ્યાર્થીને આ અંગે કહે નહીં; એટલું જ નહીં પૈસા કેટલા પાછા લાવ્યો તેય ગણે નહીં.

મહિનાઓ વહી ગયા પછી તે વિદ્યાર્થી એક દિવસ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યો. રડવા માટેનું કારણ પૂછતાં તેણે પેંડા ખાઈ જવાની અને પૈસા ઓછા આપ્યાની ભૂલ કબૂલ કરી માફી માગી.

પોતે તે વખતે એટલું જ બોલ્યા: ''સાચા અંતઃકરણથી થયેલ પશ્ચાત્તાપના અગ્નિમાં ગમે તેટલો મોટો પાપનો પુંજ બળીને ક્ષણવારમાં જ ભસ્મ થઈ જાય છે.

અમદાવાદમાં એક વાર તેઓ શહેરના ધોરી રસ્તા ઉપરથી પસાર થઈ રહ્યા હતા. લાંબા વાળ અને માથે ટોપી જોઈ કેટલાંક ટીખળી અને અવળચંડાં બાળકોએ 'નાટકની બાયડી' 'નાટકની બાયડી' એમ બોલીને તેમને ખીજવવાના હેતુથી પાછળ પાછળ જવા માંડ્યું. પરંતુ શ્રી વળામેએ પોતે પણ તેમની સાથે જોડાઈ 'નાટકની બાયડી' 'નાટકની બાયડી' એમ કૂદતાં-હસતાં બોલવા માંડ્યું. રસ્તે જનાર એક સદ્ગૃહસ્થે આ જોયું અને છોકરાંને તેણે વિખેરી નાખ્યાં. આમ એમના અંતરનો આનંદ કોઈ પણ વિષમ પરિસ્થિતિમાં જતો નહીં.

આમ અવધૂતજીના દિવસો પસાર થઈ રહ્યા છે. આંતરિક રીતે ચાલતી સાધનાનો વેગ તીવ્રતાથી વધી રહ્યો છે. ઘણા વખત પહેલાં થયેલું 'પોથી વાંચ'નું દૃષ્ટાંત અને પોથી - ગુરુચરિત્ર - મળતાં જ તેનું નિયમિત પઠન-મનન તો ચાલુ જ હતું.

અને શિયાળામાં નાતાલની રજાઓમાં ત્રણચાર મિત્રો સાથે શૂલપાણેશ્વરના પ્રવાસે જવાનું થયું. આવા પ્રવાસોનો હેતુ એકાંત સ્થાનની શોધનો જ રહેતો. એ રીતે તેઓ આબુ, કેદારેશ્વર, ઉત્કંઠેશ્વર વગેરે અનેક સ્થળોએ ગયા હતા. આ પ્રવાસમાં મંડળી હાલના ગરુડેશ્વર સામેના ઈન્દ્રવરણા ગામે આવી અને રાત્રે જ્યાં શિવાલયમાં સૂતા હતા ત્યાં પાંડુરંગને સ્વપ્ન પડ્યું અને સ્વામી મહારાજ વાસુદેવાનંદ સરસ્વતીએ દર્શન આપી કહ્યું કે દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ કર. અમુક

મંત્રનું અનુષ્ઠાન કર. અને સ્વપ્નમાંથી જાગ્યા. દત્તપુરાણનું તો નામ પણ સાંભળેલું નહીં. પાછળથી એ પણ અચિંત્ય રીતે મળી અને એના પારાયણ માટે તેઓશ્રી નારેશ્વર આવ્યા.

## ૫. નારેશ્વરમાં આગમન

નારેશ્વર સ્થાનની જગ્યા અવધૂતજીને બતાવનાર રણાપુરના સ્વ. હરગોવિંદ કાનજી સોની જેને આજે અવધૂત પરિવાર મુ. 'દાસકાકા'ના હુલામણા નામથી ઓળખે છે તે હતા. તેઓ જ શરૂમાં બધી વ્યવસ્થા કરતા હતા અને અવધૂતજીની કડકમાં કડક શિસ્તને અને અવધૂત મિજાજને જીરવતા હતા. અવારનવાર એમના જૂના પરિચિત સન્મિત્રો સ્વ. અંબાલાલ વ્યાસ જેઓની આદિવાસી સેવામંડળમાંની સેવાઓ જાણીતી છે તે, અને સ્વ. અમૃતલાલ નાથાભાઈ મોદી જેઓએ પાછળથી અવધૂત નિવાસ ટ્રસ્ટના મંત્રી અને વ્યવસ્થાપક તરીકે સંગીન કામ કર્યું અને અવધૂતજીની લોકસંગ્રહાત્મક સર્વ પ્રવૃત્તિઓને આત્મસાત્ કરી તે માટે કાર્ય કર્યું; તે ખબર લેવા આવતાં. તે ઉભય ઉપર અવધૂતજીના લખાયેલા પત્રોનો અલગ સંગ્રહ છપાયેલો પણ છે.

પ્રતિકૂળતામાંયે અનુકૂળતાનું દર્શન કરવાનો મૂળથી જ સ્વભાવ. એટલે નારેશ્વરમાં ગમે તેવી વિષમ પરિસ્થિતિ ઊભી થાય તોપણ તેમનો માનસિક આનંદ તેવો ને તેવો જ અખંડ રહેતો. કોઈ દિવસ ખાવાનું ન હોય તો ફાફડા થૂવરનાં બેપાંચ જીંડવાં ચૂસી દિવસ કાઢી નાખે તો કોઈક વાર દેશી થૂવરનાં પાંદડાંની ભાજી કે જંગલની ઈતર ભાજીથી ચલાવી લે. રોજ

સવારે બે વાગ્યે ઊઠી આગલે દિવસે નર્મદામાંથી ભરી આણેલી મટકીમાં રહેલા પાણીથી બારે માસ સ્નાન કરી અને તરત જ ધ્યાનમાં બેસતા. સવારે અજવાળું થાય ત્યારે ફરી મટકી લઈ, ચૂલે તપેલીમાં કંઈક ખીચડી કે એવું મૂકી સ્નાન કરવા જાય અને પાણીમાં ઊભા રહી જપ કરે. આવે કે તરત મનોમન પૂછે: ''ક્યોંરે પકવાન હો ગયા?'' જવાબ પણ પોતે જ આપે: ''હાં હો ગયા !'' અને ખાઈ લે.

એક વખત અવધૂતજી ઓટલા પર સૂતા હતા. અમૃતલાલ મોદીજી એમની ખબર કાઢવા આવ્યા હતા. અને અચાનક એક વીંછી સામેથી આવી તેમના શરીર પર ચડવા લાગ્યો. મોદીજીએ કહ્યું કે, મહારાજ વીંછી ! અવધૂતજીએ કહ્યું: ''મેં એનું શું બગાડ્યું છે ? મને કંઈ કરડે નહીં.'' તોય મોદીજીએ સાણસી લાવી પકડીને વાડમાં ફેંકી દીધો.

થોડી વારમાં બીજો વીંછી આવ્યો. એ જ રસ્તે અવધૂતજી પાસે જતો હતો. એને પણ વાડમાં નાખી દેવામાં આવ્યો. ત્યાં તો ત્રીજો, જાણે વીંછીનો સરદાર હોય તેવો મોટો સડસડાટ જાણે ગુસ્સામાં હોય તેમ આવતો જોવામાં આવ્યો. મોટો મોરવીંછી હતો. દાબ્યો દબાય નહીં. અવધૂતજીએ પોતે લાકડીથી દબાવ્યો અને મોદીજીએ પકડ્યો ત્યારે તો પકડાયો ! પૂ.શ્રીએ વિનોદ કર્યો: ''કેમ મોદીજી ! આજે વીંછીનું ધ્યાન કરો છો કે શું ? ઉપરાઉપરી વીંછીનાં જ દર્શન થઈ રહ્યાં છે ! ભગવાન તમને એ બતાવે છે કે અવધૂત ક્યાં અને કેવી જગાએ પડ્યો છે ! પણ મારું રક્ષણ તો ભગવાન કર્યા જ કરે છે.''

એક વખત રાતના લગભગ એક વાગ્યાનો સમય હશે. ચોમેર

બધું શાંત. તારલિયાની વાતો, એની ફેરફુદરડી, નર્મદાજીનાં શાંત જળનો સૌમ્ય અવાજ ને એવું એવું રાત્રિની શાંતિમાં ગંભીરતા અને પ્રસન્નતા પૂરે એવું આનંદદાયી વાતાવરણ હતું. અવધૂતજી આસન પર જ સહેજ આડા થઈ પડ્યા હતા. ઊંઘ તો હતી જ નહીં; અખંડ જાગૃતિને જ તેઓ વર્યા હતા.

આવા સમયે તદ્દન અજાણ્યા બે બંદૂકધારી માણસો એકાએક સીધા અવધૂતજીની પાસે જ આવીને બેઠા. વાર્તાલાપ ચાલ્યો:

એક: કેમ મહારાજ, એકલા જ અહીં રહો છો?

અવધૂતજી: એકલો તો કેમ કહેવાય ? દહાડે કેટલાંય પંખીઓ અહીં કલ્લોલ કરે છે, પશુઓ પણ કેટલાંક આ ઝાડીમાં નિર્ભય રીતે ફર્યા કરે છે. સાપ, વીંછી વગેરે પણ ઓછાં તો નથી જ. ઉંદરડા, કાગડા એ બધાંને તો ગણ્યાં છે જ કોણે ? અહીં કોણે વસ્તીપત્રક કર્યું હોય કે જેથી ચોક્કસ સંખ્યાની ખબર પડે !

બીજો: પણ અહીં કોઈ માણસ આવે છે કે નહીં ?

અવધૂતજી: દિવસના કોઈ કોઈ આવે.

એક: રાતના કોઈ નહીં જ આવતું હોય, કેમ ?

અવધૂતજી: તમારા જેવા ભક્તો હોય તે રાત્રે દર્શન દે; કારણ કે દિવસના તો ફુરસદ હોય નહીં !

બીજો: આ કમાડ ખોલો તો મહારાજ ! અંદર ઠાકોરજીનાં દર્શન કરવાં છે.

અવધૂતજી: અવધૂતના કમાડને કદી તાળું હોતું જ નથી. જાતે જ ખોલો અને અંદર જાઓ. પણ અંદર ઠાકોરજી–બાકોરજી કંઈ ન મળે. એ તો ત્યાં પેલા મહાદેવના દહેરામાં. હાં, અંદર ચૌદ બ્રહ્માંડની દોલત લૂંટી લૂંટીને અવધૂતે ભેગી કરી છે તે તિજોરી

જરૂર અંદર છે. તે તમારી મેળે જોઈ લો અને લૂંટાય તો લૂંટી જાઓ.

અને પેલાઓ ત્યાંથી જતા રહ્યા.

આવો જ બીજો પ્રસંગ સ્થાનમાં ધર્મશાળા બંધાતી હતી અને કડિયાકામ ચાલતું હતું ત્યારે બન્યો. મધરાત પછી બે લઠ્ઠપઠ્ઠ માણસો આવ્યા. એક જણે પૂછ્યું: ''મહારાજ અકેલે હી રહેતે હો?''

અવધૂત: હાં.

બીજો: ડર નહીં લગતા ?

અવધૂતજી: ક્યોં ડર લગે ? અકેલે હોવે તો ડર કૈસા ? દૂસરા હોવે તો ડર લગે !

એક: કોઈ મારે યા પીટે તો ક્યા કરો ?

અવધૂતજી: અરે ભાઈ, અભી તક તો ન કિસીને મુઝે મારા હૈ, ન પીટા હૈ. ઈસલિયે ઐસા કરો કિ આપ મેંસે એક મુઝે પકડો ઔર એક પીટો. ઔર દેખો મૈં ક્યા કરતા હૂં !

આ જવાબ સાંભળી પેલા તો ઠંડાગાર થઈ ગયા અને ચાલવા લાગ્યા.

એમની નિર્ભયતા અને ઈશ્વર પ્રત્યેની અતૂટ શ્રદ્ધા એવી કે સામે આવેલાની વૃત્તિ પણ ફરી જાય.

એક પ્રસંગે તેઓ નર્મદાએ સ્નાન કરવા જતા હતા. હાથમાં ધારિયું લઈ એક માણસ દોડતો આવ્યો અને એમની નજીક આવી પૂછવા લાગ્યો: ''મહારાજ ક્યાં છે ?'' દેખાવ ઉપરથી તે માણસ ઘાતક જેવો જ લાગતો હતો અને ધારિયાથી કાપી નાખવા જ આવ્યો હોય તેમ જણાતું હતું. પરંતુ અવધૂત જેનું

નામ ! મહારાજશ્રીએ કહ્યું: ''ભાઈ શું કામ છે? હું જ મહારાજ !''

જવાબ સાંભળીને પેલા માણસની વૃત્તિ ફરી ગઈ અને કહ્યું: ''મારે તમારાં દર્શન કરવાં હતાં !''

આવે જ એક પ્રસંગે નર્મદાના પાણીમાં ઊભા ઊભા જપ કરતા હતા ત્યાં ત્રણ મગરો ધસી આવ્યા હતા ત્યારે તેમણે અત્યંત નિર્ભયતાપૂર્વક અંજલિ છાંટી કહેલું: ''દર્શન દેવા આવ્યા હો તો દર્શન થયાં; દર્શન કરવા આવ્યા હો તો દર્શન થઈ ગયાં. આપ પધારો!'' અને ત્રણે મગરો જાણે 'એબાઉટ ટર્ન'નો હુકમ મળ્યો હોય તેમ જેવા ધસમસતા આવ્યા હતા તેવા જ પાછા વળી ગયા!

## ૬. નર્મદાપરિક્રમા

પૂ. શ્રી નારેશ્વર આ રીતે રહ્યા અને એમને થયેલા દૈવી આદેશ અનુસાર દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ અને જપ વગેરેનું અનુષ્ઠાન પૂરું કર્યું. ભારતીય સંસ્કૃતિમાં કોઈ પણ અનુષ્ઠાન કરે તો તેની સમાપ્તિમાં ઉદ્યાપન કરવાનો રિવાજ હોય છે. એમાં ઠીક ઠીક ખર્ચ થતું હોય છે. પણ અવધૂતજી પાસે તો પૈસો જ ક્યાં હતો ? પોતે તો અપરિગ્રહવ્રત રાખ્યું હતું.

ત્યાં જ એક સત્સંકલ્પ થયો કે ૧૦૮ પારાયણ કર્યાં છે તો મા નર્મદાની ૧૦૮ દિવસમાં પગે ચાલીને પરિક્રમા કરવી, અને એ રીતે જાતે તપ કરીને જ ઉદ્યાપન કરી લેવું.

ત્યાં તો તેમને ફરી દેવદષ્ટાંત થયો જે અનુસાર તેઓ પોતાના

ગુરુબંધુ શ્રી ગાંડા મહારાજશ્રીને મળી આવ્યા અને તેમણે સોંપેલું કાર્ય સમજી લઈ સીધા મોરટક્કા મુકામે પરમહંસના આશ્રમે પહોંચી ગયા અને ત્યાંથી નર્મદાની પરિક્રમા શરૂ કરી દીધી. આ પરમહંસ શ્રીચંદ્રશેખરાનંદજી સિદ્ધ પુરુષ હતા અને તેમણે પૂ. શ્રીને નારેશ્વર આવતાં અગાઉ કેટલીક વાતો કરેલી અને ગુજરાતમાં જ રહેવા જણાવેલું. આ આશ્રમમાં જ પાછળથી એમણે એમનાં પૂ. માતા રુકમામ્બાની ઉત્તરક્રિયા કરી હતી.

પરિક્રમામાં તેઓ પોતાનો પરિચય ભાગ્યે જ આપતા. વેશ પણ વિચિત્ર રાખ્યો હતો. હિંદી ભાષી પ્રદેશમાં તેઓ હિંદી બોલતા નહીં અને ગુજરાતી ભાષી પ્રદેશમાં તેઓ ગુજરાતી બોલતા નહીં. અંગ્રેજી તો ક્યારેય ન બોલતા. ભિક્ષા સ્વાભાવિકતાથી મળે તો ઠીક, નહીં તો ગોળનું પાણી પીને ચાલતા રહેતા. તાવ તો લગભગ આખી પરિક્રમા દરમિયાન સાથીદારની માફક સાથે જ રહ્યો, પણ તે સહેજ નરમ પડે કે ચાલતા જ રહે. જોત જોતામાં ૩૫-૪૦ કિલોમિટર તો કાપે જ કાપે. જાણે પવન જ ઊડ્યો એવી અજબ ચાલ ! એક વખત તો દિવસના લગભગ ૮૦ કિલોમિટર ચાલેલા ! રસ્તામાં કે મુકામ પર સાથી પરિક્રમાવાસીઓમાં ભળી જાય, સેવાચાકરી પણ કરે. તેઓ ક્વચિત્ પૂછે કે ભાઈ તમે સુખી ઘરના લાગો છો. શા માટે પરિક્રમાએ નીકળ્યા ? તો તરત જ પોતાના અવધૂતી વિનોદને વ્યક્ત કરતાં કહે: ''દેખો ભૈયા ! દુનિયા સબ સુખ ઢૂંઢનેકો બાવરી બાવરી ફિરતી હૈ, હમ દુઃખ કહાં હૈ વો ઢૂંઢનેકો નિકલે હૈં ! હમકો કહીં ભી દુઃખ દીખ પડતા નહીં હૈ !''

આખી પરિક્રમામાં અનેક અનુભવો થયા. એક વખત ત્રણ રીંછ નદીની ખીણમાંથી ધસમસતા ધસમસતા ઉપર ચાલવાની કેડી તરફના રસ્તે ધસી રહ્યાં હતાં અને અવધૂતજીની પાછળ ચાલનાર સાથીની નજરે પડ્યાં. અવધૂતજી તો એમની ધૂનમાં ને ધૂનમાં પ્રભુનામસ્મરણ કરતા ચાલ્યા જતા હતા. પાછળથી બૂમ આવી કે મહારાજ ભાલુ (રીંછ)! અવધૂતજી સ્વસ્થ થયા. સાવધાનીથી સર્વને કહ્યું કે, સૌ પોતપોતાની જગા પર સ્થિર ઊભા થઈ જાઓ. અને પોતે 'ગુરુદેવદત્ત'ની દિવ્ય ઘોષણા કરી હાથમાંની લાકડી ઠોકી ઊભા રહ્યા અને આંખનું એક પણ મટકું માર્યા વિના રીંછ તરફ જોયા કર્યું. નજર મળતાં જ રીંછ ગેલમાં આવી ગયાં હોય તેમ પાછાં વળી નીચે દોડી ગયાં!

એક વખત ખૂબ થાકી ગયા હતા. નર્મદા પર સ્નાન માટે પણ માંડ માંડ ગયા. સ્નાન પછી સ્ફૂર્તિ આવી અને ચાલવા માંડ્યું તો ભૂખ લાગી. ત્યાં તો એમની નજરે તાજી ભાખરી અને ભાખરી ઉપર માખણ પડ્યાં. આ અહીં કોણે આણ્યું હોય! કેમ ખવાય? વિચારી આગળ વધ્યા. ભૂખ તો કકડીને લાગી હતી પણ એમ ગમે તેમ કેમ ખવાય? આગળ જતાં જોયું તો ફરી પાછી તાજી ભાખરી જોઈ! માખણ ન હતું. અને તરત જ ખ્યાલ આવ્યો કે મા નર્મદા માખણ અને ભાખરી ખવડાવવા આવેલી પણ આગળ ચાલવાની મતિ કરી તો માખણ જતું રહ્યું. હવે ભાખરી ખાઈ લેવી જ રહી, નહીં તો એ પણ જશે, કારણ આ જંગલમાં તાજી ભાખરી નહીં તો આ રીતે કોણ મૂકે? અવધૂતજીએ રેવામાનો એ પ્રસાદ અંગીકાર કર્યો.

આવા અનેક અનુભવોનું ભાથું લઈ નિર્ધારિત સંકલ્પ અનુસાર

૧૦૮ દિવસમાં પરિક્રમા પૂરી કરી પોતે ભરૂચ પહોંચી જઈ પૂ. ગાંડા મહારાજશ્રીએ રચેલું શ્રીગુરુમૂર્તિચરિત્ર મરાઠી ઓવી છંદમાં લખાયેલું પુસ્તક છપાવ્યું અને તેમનાં ચરણોમાં નિવેદિત પણ કરી દીધું.

એક વખત તો મુ. દાસકાકા તેઓશ્રીને પરિક્રમા દરમિયાન ગરુડેશ્વર મળવા ગયા હતા. પૂ. શ્રીને દૈવી આદેશ થયો અને તેમણે ચાલવા માંડેલું, તે વખતે અવધૂતજીનો પગ ખોડંગાતો હતો અને મુ. દાસકાકા તેમને આરામ લેવાનું સૂચવતા હતા. છતાં આદેશ - ગુરુઆજ્ઞા - અનુસાર કાર્ય કરનાર અવધૂતજીએ કશું જ ગણકાર્યું નહીં અને કડક અવાજે મુ. દાસકાકાને પોતાનો નિર્ણય જણાવી ચાલવા જ માંડ્યું. શરીરરખા માટે આધ્યાત્મિક માર્ગ છે જ નહીં. અહીં તો 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને' એ કાવ્યપંક્તિ અનુસાર જ કાર્ય કરવાનું હોય છે.

# ૭. માતૃભક્તિ

આમ, અવધૂતજી ધીરે ધીરે નર્મદાતટવિહારી, નારેશ્વરનિવાસી તરીકે પ્રસિદ્ધ થતા જતા હતા. ત્યાં એકાએક એમના નાના ભાઈ નારાયણ બીમાર પડ્યા. નારાયણભાઈની કારકિર્દી અત્યંત તેજસ્વી હતી. અંગ્રેજી પર ખૂબ સારો કાબૂ હતો. અક્ષરો મોતીના દાણા જેવા હતા. મુંબઈમાં નોકરી કરતા હતા અને માંદા પડ્યા. તેમને ટી.બી. થયો હતો. અવધૂતજી પૂ. માજી અને નારાયણભાઈ બંનેને નારેશ્વર લાવ્યા. અહીં તે

વખતે ધર્મશાળાનું કામ ચાલતું હતું, તેથી માણસોની ઠીક ઠીક અવરજવર રહેતી.

પરંતુ નારાયણભાઈનો દેહાંત થયો. શ્રી નારાયણભાઈનો આત્મા દેહપિંજર છોડતાં કંઈક મૂંઝાતો હતો એમ પૂ. શ્રીએ જોયું ત્યારે તે સમજી ગયા અને પોતાના ભાઈને કોલ આપ્યો કે તું નિરાંતે પ્રાણ છોડ. પૂ. માજીની ચિંતા જરાય કરીશ નહીં. મને એમ લાગશે કે મારો આ સાધુનો વેશ પૂ. માજીની સેવામાં આડો આવે છે તો હું નોકરી કરી લેતાંય અચકાઈશ નહીં. પૂ. માજીની સેવામાં હું ઊની આંચ આવવા નહીં દઉં.

સાચે જ એ અક્ષરો પૂ. શ્રીએ સાચા પાડ્યા. પૂ. માજી તે પછી અવધૂતની સુપ્રીમ કોર્ટ સમાં બની રહ્યાં. એમની આજ્ઞા લઈને જ નીકળવું અને એમની માંદગીની ખબર પ્રવાસમાં પડે કે તરત બધા જ કાર્યક્રમો રદ કરીને પાછા આવતા રહેતા. નારેશ્વરની એ પછીની તમામ પ્રવૃત્તિઓ અને સ્થાનનો વિકાસ એ પૂ. માજીને આભારી છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. પૂ. માજી અહીં ન રહ્યાં હોત તો અવધૂતજીએ નારેશ્વરને કાયમી નિવાસસ્થાન બનાવ્યું હોત કે કેમ એ શંકાસ્પદ જ છે.

પૂ. શ્રી માજીને પ્રણામ કરીને જ, એમની આજ્ઞા લઈને જ આશ્રમ બહાર જતા. આ એમણે સ્વેચ્છાએ સ્વીકારેલો નિયમ હતો.

પરંતુ એક વખત એવું બન્યું કે અવધૂતજી વહેલી સવારે નીકળવાના હતા. પ્રથમ નાવમાં બેસી કોરલ જઈ ગાડીમાં બેસવાનું હતું. પૂ. શ્રી સ્નાનાદિથી પરવારી મળસકે ચાર વાગ્યે તૈયાર થઈ ગયા અને પૂ. માજીની રજા લેવા, પાયે પડવા

પૂ. માજીની કુટિરે આવ્યા. પૂ. માજી કુદરતી હાજતે ગયાં હતાં. પૂ. શ્રીએ સેવામાં રહેનાર બાઈને કહ્યું કે માજીને કહેજો કે એ ગયો. પૂ. માજી થોડી વારમાં જ આવ્યાં અને તેમને થયું કે થોડી વાર પણ ન રોકાયો ! એવી શું ઉતાવળ હતી ! અને બસ. અહીં પૂ. શ્રી જે મશીન બોટમાં બેઠા હતા તેનું મશીન ચાલ્યું જ નહીં. આખો દિવસ નર્મદામૈયાના ખોળે જ ગયો. અને તરત જ પૂ. શ્રીએ સમીક્ષા કરતાં કહ્યું કે આજે પૂ. માજીની આજ્ઞા લીધા વિના નીકળ્યો તેનું આ ફળ – તેની આ સજા ભગવાન કરી રહ્યા છે જે મારે ભોગવવી જ રહી. પૂ. શ્રીએ તે દિવસે સ્વૈચ્છિક સજારૂપ અન્નત્યાગ પણ કર્યો.

પૂ. શ્રી પોતાને ગમે કે ન ગમે પણ પૂ. માજી કંઈક કહે તો અચૂક તેમની આજ્ઞા પાળતા. એક વખતે પૂ. શ્રીએ કારણવશાત્ પૂજનમાં પોતાની પાદુકાઓ આપવી બંધ કરી. પરંતુ વડોદરાનું મંડળ દર સાલ પગપાળા આવતું અને તેમને પાદુકાપૂજન કરવું હતું. અવધૂતજીએ તો કાને વાત ધરી નહીં, પણ પૂ. માજીને વિનંતી કરતાં પૂ. માજીએ અવધૂતજીને કહ્યું કે પાદુકા કેમ આપતો નથી? એમના તપ સામું તો જો ! પૂ. શ્રીએ કહ્યું કે હું તમને પાદુકા આપું. ભલે તે તમારી પાસેથી લઈને પૂજન કરે. પછી પૂ. માજીએ એ રીતે પાદુકા વડોદરા મંડળને આપી, પણ ઉમેર્યું કે હવે તમે એ જે કહે તેની અમલ-બજાવણી કરજો. આજ્ઞાનું ઉલ્લંઘન ક્યારેય ન કરશો.

આવાં વત્સલ માજીનો દેહવિલય જેઠ સુદ ૧૧, વિ. સં. ૨૦૨૩ના રોજ થયો. પૂ. શ્રીએ ઉત્તરક્રિયા ઉત્તમ કરી અને પૂ. માજીના પુણ્ય સ્મારકરૂપે માતૃસ્મૃતિશૈલનું નિર્માણ કર્યું.

એકાદ દોઢ વર્ષ પછી પોતે પણ મહાપ્રયાણ કર્યું.

પોતાની ૭૧મી વર્ષગાંઠ જયપુર મુકામે કરી હરિદ્વાર પધાર્યા હતા. ત્યાં ૧૯મી નવેમ્બર, ૧૯૬૮ના રોજ કારતક માસની અમાસે દેહલીલા સંકેલી લીધી. અવધૂત પરિવારે એમના પાર્થિવ દેહને હરિદ્વારથી નારેશ્વર લાવી અગ્નિસંસ્કાર કર્યો અને રડતે હૃદયે શોકાંજલિ અર્પી. જે દિવસે અગ્નિસંસ્કાર થયો તે ૨૧મી નવેમ્બર એમનો અંગ્રેજી તારીખ લેખે જન્મદિવસ જ હતો. ભારતમાંથી તથા અન્ય વિદેશોમાંથી શોકાંજલિના સંદેશાઓ આવ્યા જે 'શ્રદ્ધાંજલિ'માં સંગ્રહાયા છે.

એ પછી રંગમંદિરનું નિર્માણ થયું. જાણે અવધૂતજી ચિતામાંથી ફરી બેઠા થયા હોય એમ મંદિરમાં ચિતા ખડકાઈ હતી તે સ્થળે જ શાસ્ત્રોક્ત વિધિથી મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા થઈ, જે પ્રસંગે ઘણી ખ્યાતનામ વ્યક્તિઓ, આધ્યાત્મિક વિભૂતિઓ હાજર હતી. અગ્નિસંસ્કાર કરનાર એમના જ ગોત્રના શ્રી ગોવિંદ અલવણી દાદાએ બધી ઉત્તરક્રિયા કરી હતી તો, પૂ. શ્રીના જ વેદ–ઋગ્વેદના પ્રસિદ્ધ પંડિત ખેડુરકર શાસ્ત્રીના હાથે મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા થઈ હતી. આજે રંગમંદિરની એ મૂર્તિ અનેકોનાં હૈયાંને શાતા આપે છે. પાછળથી ધ્યાનમંદિરમાં એમણે ઉપયોગમાં લીધેલી અને અન્ય એવી વસ્તુઓનો સ્મૃતિસંગ્રહ કરવામાં આવ્યો છે.

# ૮. મહાનુભાવોના સંપર્કમાં

પૂ. શ્રી સર્વધર્મ સમન્વયના પુરસ્કર્તા હોવાથી અનેક મહાન વિભૂતિઓ, સંતો, આચાર્યો, મહાનુભાવોને મળતા, નિખાલસતાપૂર્વક વિચારોની આપલે કરતા અને આશ્રમમાં પધારવાની વિનંતી કરતા અને જેઓ આવે તેનો યથાયોગ્ય સત્કાર વગેરે કરતા. આવી ઘણીય વિભૂતિઓને તેઓશ્રી મળ્યા હતા. પરંતુ મુખ્ય મુખ્ય નીચે મુજબ ગણાવી શકાય: સંતકોટિના સર્વશ્રી આચાર્ય વિનોબા ભાવે, પૂ. શ્રીમોટા, પૂ. મુક્તાનંદબાબા, ડોંગરે મહારાજ, સ્વામી કૃષ્ણાનંદજી, સ્વામી ચિન્મયાનંદજી, સ્વામી શ્રી સચ્ચિદાનંદ (ચાણોદ), સ્વામી શ્રી કૃપાલ્વાનંદજી, પૂ. ગુલવણી મહારાજ, સજ્જન ગઢના સંત પૂ. શ્રી તરાલોકર નાના મહારાજ, સ્વામીનારાયણ સંપ્રદાયના પૂ. યોગીજી મહારાજ, પૂ. રણછોડદાસજી મહારાજ, પ્રસિદ્ધ વૈષ્ણવાચાર્યો વ્રજભૂષણરત્નલાલજી વગેરે; સ્વામી ભદ્રસમા અનેક - ભાગવતમાર્તંડ કૃષ્ણશંકર શાસ્ત્રી, પંડિત સાતવળેકર, વેદશાસ્ત્રજ્ઞ ચેડૂકરજી, વે. શા. સં. કવીશ્વર શાસ્ત્રીજી, જેરે શાસ્ત્રીજી, મણિશંકર પંડિતજી, બદરીનાથ શાસ્ત્રીજી, તુળજાશંકર શાસ્ત્રીજી વગેરે જેવા વિદ્વાન રત્નો; ગુલઝારીલાલ નંદા, શ્રી બી. જી. ખેર, શ્રી લલિતચંદ્ર દલાલ, બાબુભાઈ પટેલ, એચ. એમ. પટેલ, ભાઈકાકા, પ્રભાતસિંહ મહીડા, રત્નસિંહ મહીડા, ગુરુ ગોલવલકર, રવિશંકર મહારાજ વગેરે જેવા સમાજના અગ્રણી કાર્યકરો-રાજપુરુષોને મળ્યા છે. અભિનવ સચ્ચિદાનંદજી, દ્વારકાપીઠાધીશ શંકરાચાર્ય અને

મહામંડળેશ્વર શ્રી રામસ્વરૂપાનંદજી વગેરેને તો તેઓશ્રી ખૂબ જ ઉમળકાથી મળતા જાણ્યા છે. રવિશંકર રાવળ સમા ચિત્રકાર, માસ્ટર વસંત અને દોસ્ત મહંમદ સમા સંગીતકાર, ડૉ. ભોંસલે જેવા આંતરરાષ્ટ્રીય મસાજ કરનાર વગેરે વગેરેની યાદી લાંબી થાય તેમ છે.

## ૯. સાહિત્યનિર્માણ

પૂ. શ્રીએ સાહિત્ય લખવા ખાતર નથી લખ્યું. સ્વાભાવિક રીતે, આનંદના ઉદ્દગાર રૂપે, ખાધા પછી જેમ ઓડકાર આવે છે તે રીતે, લખ્યું છે. લખ્યું છે એમ કહેવા કરતાં લખાઈ ગયું છે એમ કહેવું વધુ યોગ્ય છે. કેટલાક ગ્રંથ કે સ્તોત્રો-ભજનો દિવ્ય આદેશ કે ભક્ત અંતઃકરણના નિમિત્તથી લખાયાં છે.

(૧) **શ્રીગુરુલીલામૃત :** જ્ઞાનકાંડ, કર્મકાંડ અને ઉપાસનાકાંડ એમ ત્રણ ભાગોમાં લગભગ ૧૯,૦૦૦ દોહરા છંદમાં લખાયેલો આ વરદ ઔપસનિક ગ્રંથ છે. આ ગ્રંથનાં સપ્તાહ-પારાયણો, અનુષ્ઠાનો, સામૂહિક રીતે અને વ્યક્તિગત રીતે થાય છે. કથાઓ પણ યોજાય છે. એમાં પહેલા ભાગમાં દત્તાત્રેય ભગવાનની દૈવીલીલાઓ અને તે દ્વારા વેદાંતનું અને અષ્ટાંગ યોગ વગેરેનું સરળ છતાં શાસ્ત્રીય નિરૂપણ છે. બીજા ભાગમાં શ્રીપાદ વલ્લભ અને નૃસિંહ-સરસ્વતી જે ઉભય શ્રીદત્તાત્રેયના અવતાર મનાય છે તેમની લીલાઓનાં વર્ણન છે. ત્રીજા ભાગમાં દત્તાત્રેયાંશાવતાર શ્રીવાસુદેવાનંદ સરસ્વતી જે તેમના ગુરુ છે તેમની લીલાઓ આવે છે. ઘણા દોહરાઓ સરળ, જ્ઞાનસભર

શૈલીમાં અપાયા છે જે ઝટ મોઢે ચડી જાય તેવા છે. પાછળથી એનું ગદ્યરૂપાંતર એમની પ્રેરણાથી થયું છે.

(૨) **અવધૂતી આનંદ :** આ ભજનસંગ્રહ છે. ભક્તિપ્રવણ અવધૂતનું દર્શન એમાં થાય છે. ૨૫૦ ઉપરાંત ગુજરાતી-હિંદી ભાષામાં લખાયેલાં આ ભજનો કાવ્યસાહિત્યની દૃષ્ટિએ પણ ઊણાં ઊતરે તેમ નથી. આમાં એમની અતિ પ્રસિદ્ધ 'દત્ત બાવની' પણ આવી જાય છે. આમાંનાં હિંદી ભજનો 'अवधूती मौज' નામથી અલગ છપાયાં છે.

(૩) **રંગહૃદયમ્ :** સંસ્કૃત ભાષાનું માધ્યમ અવધૂતજીને વધુ ફાવે છે. ભાવ અને શબ્દનું તાદાત્મ્ય અહીં વિશેષ દેખાય છે. જુદાં જુદાં દેવી-દેવોને પરબ્રહ્મના સ્વરૂપ તરીકે સંબોધીને ભાવપૂર્ણ સ્તુતિઓ સંગ્રહાયેલી છે. વળી, જ્ઞાનહૃદય નામના એના વિભાગમાં તત્ત્વચિંતન પણ સભર ભર્યું પડ્યું છે. નાનાંમોટાં ૭૬ સ્તોત્રો અને ૧૫ જેટલાં પરિશિષ્ટોથી શોભિત આ ગ્રંથ ગુજરાતી અનુવાદ સહિત મળે છે.

(૪) **રંગતરંગ :** મરાઠી અભંગો, પદોનો સંગ્રહ છે.

(૫) **વાસુદેવ સપ્તશતી :** ૭૦૦ ઓવી(છંદ)માં લખાયેલો આ મરાઠી ગ્રંથ શ્રી વાસુદેવ ગુરુનું ચરિત્ર સંક્ષેપમાં વર્ણવે છે.

(૬) **સપ્તશતી સમનુવાદ :** શ્રી વાસુદેવાનંદ સરસ્વતીજીએ લખેલ સંક્ષિપ્ત ગુરુચરિત્રનો એ જ ઓવી છંદમાં અનુવાદ કર્યો છે.

(૭) **અમર આદેશ :** પ્રવચનો, સંદેશાઓ વગેરેનો આ સંગ્રહ અવધૂતજીની વિચારધારાને સમજવા ઉપયોગી થાય તેમ છે.

(૮, ૯) **ઉપનિષદોની વાતો અને વિષ્ણુપુરાણની વાતો :**

નામ પ્રમાણે જ પ્રાચીન સાહિત્યની વાર્તાઓ રસાળ શૈલીમાં આપેલી છે.

(૧૦) सद्‌बोधशतक ઉપરની बोलबोधिनी નામની સંસ્કૃતમાં ટીકા પૂ. શ્રીની સમજાવવાની શૈલી સાથે સરળ સંસ્કૃતમાં પણ કેટલું અર્થગંભીર લખી શકાય છે તેનો નમૂનો છે.

**(૧૧) શ્રી રંગપત્રમંજૂષા :** પૂર્વાશ્રમના અને નારેશ્વર આવ્યા પછીના કેટલાક પત્રોનો સંગ્રહ છે.

**(૧૨) સંગીતગીતા :** સાદો ગામડાનો રહીશ પણ સમજી શકે એ ઢાળમાં અને શૈલીમાં ગીતાનું રૂપાંતર કરેલું છે. જાણે કૃષ્ણ ભગવાન ગુજરાતીમાં ગાતા હોય તેમ લાગે છે.

**(૧૩) પ્રશ્નોત્તરગીતા :** મહાભારતથી માંડી આદ્ય શંકરાચાર્યની અને અન્ય છ પ્રશ્નોત્તર-માલિકાઓનો આ સંગ્રહ સવિવેચન છે.

**(૧૪) પત્રગીતા :** મુમુક્ષુઓને માર્ગદર્શન આપતો નાનો પણ જ્ઞાનભરપૂર ગ્રંથ, ગીતાના ૧૬ શ્લોકોને વણી લઈ ૧૬ પત્રોના રૂપમાં લખાયેલો પદ્યાત્મક ગ્રંથ.

**(૧૫) દત્તયાગપદ્ધતિ :** અનેક પ્રાચીન ગ્રંથોના અભ્યાસ અને પરંપરાથી પ્રાપ્ત યજ્ઞપદ્ધતિનું સંશોધન અને સંકલન.

**(૧૬) પૂર્વાશ્રમમાં લખાયેલા સંસ્કૃત વ્યાકરણના ગ્રંથો :** 'ગીર્વાણ ભાષા પ્રવેશ - પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ' લખાયેલા આજે અપ્રાપ્ય છે. એ જ રીતે 'ત્યારે કરીશું શું?', 'ટૉલ્સ્ટૉય અને શિક્ષણ' વગેરે પણ પૂર્વાશ્રમના ગ્રંથો મળે છે.

એમના વિશે, એમના ગ્રંથો વિશે, કેટલાંક ભજનોની સમજૂતી, કેટલાંક સ્તોત્રો વગેરેની સમજૂતી વગેરે સાહિત્ય

પ્રેરણાથી લખાયેલું છે. કાવ્યાંજલિઓ વગેરે સંગ્રહો પણ સારી એવી સંખ્યામાં છે.

## ૧૦. આદેશ-ઉપદેશ

અવધૂતજી આચાર દ્વારા જ પ્રચાર-પ્રસારમાં માનતા. આચરણ એ જ ઉપદેશ એમ કહેતા તેથી પોતે થઈને ક્યારેય કશું બોલતા નહીં. પોતાની જન્મજયંતીના દિવસે પાછલાં દસબાર વર્ષ કંઈક બોલતા. બાકી પ્રશ્નોના જવાબમાં એ સ્વૈરવિહારીની વાણી કલાકો સુધી ચાલતી. એમાંથી કંઈક સંગ્રહાયું છે. વળી શરૂનાં વર્ષોમાં નારેશ્વરમાં કે ક્યાંક અવધૂતી લહેર આવે અને એ આનંદના સ્વાભાવિક ઉદ્‌ગાર કાવ્યમય ભજનરૂપે સરી પડે અથવા સ્તોત્રરૂપે આવિષ્કાર પામે તેવું સાહિત્ય ઘણું છે. કેટલાક પત્રો પણ છે. તે બધાંમાંથી બધું તો આપી ન શકાય પણ મુખ્ય કેટલાક વિચારોને અત્રતત્રથી અહીં મૂક્યા છે.

'આદેશ' એ શીર્ષકથી સૌ પ્રથમ ૫૯મી રંગજયંતી પ્રસંગે એમણે કરેલું ટૂંકું ઉદ્‌બોધન મનનીય છે.

### આદેશ

परस्पर देवो भव ।

એકબીજા તરફ દેવદષ્ટિથી જોતાં શીખો, દાનવદષ્ટિથી નહીં. દરેક વ્યક્તિમાં રહેલા દેવત્વને - દૈવી અંશને પિછાનો.

અને

એકબીજાનું મંગલ ઇચ્છી જગતમાં માંગલ્ય વરસાવો ! વિચાર, વાણી અને વર્તનમાં એકતા આચરો.

એકબીજાને આશીર્વાદ આપો, અભિશાપ નહીં.
ભલું ઈચ્છો, ભૂંડું નહીં.
રૂડું કરો, કૂડું નહીં!
એકબીજાના પોષક બનો, શોષક નહીં.
તારક બનો, મારક નહીં.
ઉપકારક બનો, અપકારક નહીં !
બોલો થોડું, કરો વધારે.
માથું ઠંડું રાખો, ગરમી હાથપગમાં પ્રગટાવો.
પ્રત્યેક પ્રતિ સહિષ્ણુતા રાખો, વિદ્વિષતા નહીં.
બોલો તો સત્ય બોલો, અસત્ય નહીં.
કરો તો સત્કર્મ કરો, દુષ્કર્મ નહીં.
વાંછો તો સર્વ કલ્યાણ વાંછો, માત્ર સ્વકલ્યાણ નહીં !
જુઓ તો પોતાના દોષ જુઓ !
ગાઓ તો બીજાના ગુણ ગાઓ !
ખાઓ તો સ્વકષ્ટાર્જિત ખાઓ !
મુખમાં અવિનાશી ભગવન્નામ, હાથે સર્વ મંગલ કામ, ને હૈયે
હનુમાનથી અડગ હામ રાખી ધપ્યે જાઓ, ધપ્યે જાઓ.
વિજય તમારો છે, વિજય તમારો છે !!
वैराणि प्रशमं यान्तु सौहार्दं वर्धतां मिथः ।
कलहा विलयं यान्तु भावयन्तु जना मिथः ॥
ॐ શાન્તિઃ ! શાન્તિઃ !! શાન્તિઃ !!!

જગત્સુહૃદ્, રંગ અવધૂત

એ પછી બીજે વર્ષે એમની જન્મજયંતીનું ૬૦મું વર્ષ આવતું હતું. પૂ. માજી, એ જુએ એ હેતુએ નારેશ્વરમાં જ એની

ઉજવણી અનેક ધાર્મિક અનુષ્ઠાનો, યજ્ઞયાગાદિ, અન્નવસ્ત્રનાં દાન સાથે ઊજવાઈ. તે સમયે 'નારેશ્વરનો નાદ' એ શીર્ષક હેઠળ કરેલું તેમનું ઉદ્‌બોધન સામાન્ય માણસ માટે રોજિંદા જીવનવ્યવહારમાં પણ ઉપયોગી થાય તેમ છે.

## નારેશ્વરનો નાદ

વહાલાં આત્મસંતાનો !

હરેક પળે, હરેક સ્થળે, હરેક અવસ્થામાં પરમ કારુણિક પરમાત્માની ઉપસ્થિતિ અનુભવો. હરતાંફરતાં, ઊંઘતાંજાગતાં, ઊઠતાંબેસતાં કે કામ કરતાં એના સાંનિધ્યનો સાક્ષાત્કાર કરો. શ્વાસે શ્વાસે એની હસ્તીનું અનુસ્મરણ કરો. નસેનસમાં એનો અનાહત પદધ્વનિ સાંભળો !

રામ કહો કે રહેમાન કહો, ઈષ્ટ કહો કે ક્રાઈસ્ટ કહો, કૃષ્ણ કહો કે કરીમ કહો, દત્ત કહો કે દાતાર કહો, વિબુધ કહો કે બુદ્ધ કહો, આતમ કહો કે પ્રીતમ કહો, ઈશ્વર કહો કે અલ્લાહ કહો, જિન કહો કે જિહોવાહ કહો, ગૉડ કહો કે ગુણેશ-ગણેશ કહો, અહુર્મઝદ કહો કે આત્મમસ્ત કહો, પરબ્રહ્મ કહો કે પરમેશ્વર કહો, વિશ્વાત્મા કહો કે વાસુદેવ કહો, શિવ કહો કે પીવ કહો, રંગ કહો કે રબ કહો, પુરુષોત્તમ કહો કે પારસનાથ કહો, ભગવતી કહો, મેરી કહો, મરિયમ કહો કે માતા કહો, કે બીજું કાંઈ કહો, પુલ્લિંગ, સ્ત્રીલિંગી કે નપુંસકલિંગી ફાવે તે નામથી એને પોકારો, જે કોઈ છે તે એ જ છે. અનંત નામોમાં એક જ અખિલાધાર અનામી રહેલો છે !!

પર્વતોમાં એનું સ્થાણુત્વ નિહાળો; નદીઓમાં એની દયાર્દ્રતા

અનુભવો; સૂર્ય, તારા, નક્ષત્રોમાં એના ક્ષણે ક્ષણે નવીનતાભર્યા સૌંદર્યની ઝાંખી કરો ! પ્રાણીમાત્રમાં એ હરતાફરતા, 'સત્યં શિવં સુન્દરમ્'ને પિછાનો. જાતિજાતિમાં (Species) એ અજાતને જોતાં શીખો ! તમારું સર્વ વસ્તુ - રોમ રોમ - એનાથી ભરી દો. તમારું બધું જીવન એના અસ્તિત્વથી ઓતપ્રોત બનાવો. તદ્રૂપ થાઓ, તન્મય બનો !!

હાથથી એના મંગલકાર્યમાં સાથ દો; પગથી એના પુણ્યધામમાં ડગ માંડો; મુખથી એનું પુણ્ય નામ ઉચ્ચારો; શબ્દેશબ્દમાં એની મૃદુતાનો સ્પર્શ કરો !

એક પણ શબ્દ એવો ન ઉચ્ચારો જેથી એના વિશ્વસંગીતમાં ક્ષોભ ઉત્પન્ન થાય. એક કદમ પણ એવું ન ઉઠાવો, એક કર્મ પણ એવું ન કરો, જે એની સમક્ષ ન કરી શકો. એક વિચાર પણ એવો ન ઊઠવા દો - એક શ્વાસ પણ એવો ન લો, જેથી એની વિશ્વશાંતિમાં તલભર પણ વિક્ષેપ ઊભો થાય !

અહંનો અંચળો ફેંકી દઈ, એક નિર્દોષ, નિરપેક્ષ, નગ્ન બાળકની માફક, નિર્દંભ દિગંબર ડિંભની જેમ એની સમક્ષ ઊભા રહો. માગણની માફક હરગિજ નહીં ! 'આ આપ' 'તે આપ'ની વૃત્તિથી કદી નહીં. નશ્વર જગતમાં એ નાટકી નટવરની રમતનું રમકડું થઈને રહો ને જુઓ શી મજા આવે છે ! એના પગનો ફૂટબોલ થઈને ઊછળો ને જુઓ કે એના અનંત ઐશ્વર્ય - આકાશમાં તમે કેવા ઊડો છો ! બાળકે ખાધુંપીધું કે નહીં, એ ઉઘાડું છે કે ઢકિલું, સ્વચ્છ છે કે ગંદું, બીમાર છે કે તંદુરસ્ત - એ બધાયની ચિંતા એની માને છે, બાપને છે. બાળક થઈને રહો અને એની અમર હૂંફ અનુભવો ! જગત કે

જગદીશ કોઈની પાસે માગણની કશી જ કિંમત નથી; કદાચ બટકું મળે તોપણ તિરસ્કારથી – પરાયાની બુદ્ધિથી. પણ નિર્દોષ બાળકને જોતાં જ દુશ્મનમાં પણ આત્મીય ભાવ પ્રગટ થાય છે, એ ખૂબ યાદ રાખો ! વિશ્વ-બાપની અનંત સમૃદ્ધિના વારસ હોવા છતાં, કોઈ અશરણ અનાથની માફક ભિખારીવેડા શેં આચરો છો? ઊઠો, જાગો ને તમારા સ્વયંભૂ હકની જાણ સાથે એ અનાદિ હકની – વિશ્વંભર પરમાત્માની અનંત ઐશ્વર્યભરી છાયામાં વિનમ્ર થઈ બાળભાવે બાંગ પુકારો ને એની અખંડ યાદમાં નિર્ભય – નચિંત થઈ મસ્ત વિચરો ને તમારી જન્મજાત બાદશાહતનો ઉપભોગ લો !!

सर्वे वैरविनिर्मुक्ताः परस्पर हितैषिणः ।
स्वस्थाः शान्ताः समृद्धाश्च सर्वे सन्त्वकुतोभयाः ॥

જગત્સુહૃદ્, રંગ અવધૂત

ડાકોરના રણછોડરાય તો ગોધરાની નજીક જ. અવારનવાર દર્શન કરવા જતા. પાંડુરંગને મન વિઠ્ઠલ કે રણછોડરાય, દત્ત કે દાતાર સર્વ પરબ્રહ્મનાં જ સ્વરૂપો! રણછોડરાયની ભક્તિ સાથે તેઓશ્રીએ એનો આધ્યાત્મિક અર્થ નીચેના અભંગમાં, ડાકોરની દેણ એ પ્રવચનને અંતે આપ્યો છે જે વિચારણીય છે:

દેહ તે ડાકોર, આત્મા શ્રીરણછોડ ।
ધર્મે મતિ સ્થિર, ગોમતી એ ॥ ૐ ॥
બોડાણો અનલ્પ, મન નિ:સંકલ્પ ।
સમાધિ સકલ્પ ગંગાબાઈ ॥ શ્રીં ॥
સત્કર્મને કુંડે, તુલસી માંજર ।

જ્ઞાન નિષ્ઠાંકુર, ભક્તિ પુષ્ટ ॥ ह्रीं ॥
સ્વર્ણવાળી દાન સર્વ સમર્પણ ।
અન્ય વિસ્મરણ, નિશદિન ॥ क्लीं ॥
શ્વાસે શ્વાસે સ્વાત્મ-સ્મરણ નિષ્કામ ।
સેવા હરિનામ, સંત સંગ ॥ ग्लौं ॥
દ્વારકા પરોક્ષ, ડાકોર પ્રત્યક્ષ ।
શરત્પૂર્ણ પક્ષ, રંગ દિવ્ય ॥ द्रां ॥

નીચેનો વૈદિક મંત્ર આપણે સૌ જાણીએ છીએ:

ॐ सहनाववतु । सहनौ भुनक्तु । सहवीर्यं करवा वहै ।
तेजस्विनावधीतमस्तु । मा विद्विषावहै ॥

પણ એનાં પાંચ નાનાં નાનાં વાક્યોને એમણે વૈદિક પંચશીલનું નામ આપી આજના સંદર્ભમાં નવા જ અર્થનો સ્ફોટ કર્યો છે:

सहनाववतु ।

એ પરમ પિતા પરમેશ્વર આપણા ઉભયનું રક્ષણ કરે ! એક સંરક્ષિત ને બીજો ઉપેક્ષિત રહે તો કાળે કરી બંનેનો નાશ થાય. ૧

सह नौ भुनक्तु ॥

આપણે બંને ઐશ્વર્યને વરીએ ને વિવિધ સુખોપભોગ ભોગવીએ ! એક સુખસગવડોમાં આળોટે ને ચાંદીની થાળીમાં રોજ મિષ્ટાન્ન આરોગે અને બીજો દુઃખમાં પાસાં ઘસ્યાં કરે ને માંડ કોદરાય ન પામે તો એક અપચન ને બીજો બુભુક્ષાનો ભક્ષ્ય બની બંનેય વિનાશને પંથે પરવરે. ૨

सह वीर्यं करवा वहै ॥

આપણે બંને શક્તિમાન બનીએ - બંને બળની ઉપાસના કરીએ, સાત્ત્વિક તાકાત મેળવીએ ! એક સબળો ને બીજો

નબળો હોય તો સમાજમાં હંમેશાં શીત કે ઉષ્ણ યુદ્ધનું વાતાવરણ રહ્યા કરે ને એની ગુપ્ત પ્રગટ જ્વાળામાં વિશ્વ સમસ્ત શેકાઈ જાય. ૩

तेजस्विनावधीतमस्तु ।

આપણા ઉભયનું ભણતર તેજસ્વી હો ! એમાંથી એકબીજામાં પરસ્પર દેવત્વની ભાવના પ્રગટે, એકબીજા માટે આદર ને સહાનુભૂતિની જ્યોત જાગે અને તો જ મનુષ્યમાં સાચી માનવતા જાગે - મનુષ્ય મનુષ્ય માટે મરી પડે ને અંગત સ્વાર્થ બાજુએ મૂકી પરમાર્થમાં પગલાં માંડે - સ્વ ભૂલી સર્વમાં સમાઈ જાય અને વિશ્વમાં શાંતિ ને સમૃદ્ધિનું સામ્રાજ્ય પથરાઈ જાય. ૪

मा विद्विषावहै ।

આપણે કદીયે એકબીજાનો દ્વેષ ન કરીએ ! 'હું'માં તું અને 'તું'માં હું નિહાળી સર્વત્ર હું-તું, મારું-તારુંથી પર એક અવિનાશી અખંડ પરમતત્ત્વનાં દર્શન કરી, બધે એક અભંગ આધ્યાત્મિક એકતા અનુભવી જગતમાંથી વેરઝેર, દુઃખદારિદ્ર, જુદ્ધ-અથડામણને દેશવટો આપી સુખશાંતિ ને આનંદઆનંદનાં મંડાણ કરીએ !! ૫

આ સંસારમાં સુખદુઃખ ચાલ્યા જ કરે છે. એ સુખ અને દુઃખ તરફની દૃષ્ટિ એ શબ્દનો નવો જ અર્થ આપીને બદલવાની વાત સુંદર રીતે તેમણે મૂકી છે. તેઓ કહે છે:

''પણ એ સુખ એટલે શું ? સુખ શબ્દ જ એની વ્યાખ્યા આપે છે. 'सुस्थानि अन्तर्मुखानि आत्म केन्द्राणि खानि इन्द्रियाणि यस्मिन् तत् सुखम्' – જેમાં મન સહિત ઇંદ્રિયો વિષયોમાંથી પરાઙ્મુખ થઈ આત્માભિમુખ થાય - ઈશ્વર તરફ વળે - તે સુખ.

દુ:ખનો અર્થ આપતાં તેઓશ્રી કહે છે:

'दु:खानि बहिर्मुखानिं विषयनिरतानि इन्द्रियाणि यस्मिन् तत् दुःखम् - જેમાં ઇંદ્રિયો બહિર્મુખ થઈ શબ્દસ્પર્શાદિ વિષયોની પાછળ આંધળી ભીંત થઈ દોડતી હોય એ જ દુ:ખનો દરિયો !

એથી જ એક ઠેકાણે એ સમાજમાં ચાલી રહેલ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરતાં કહે છે:

''આજે જ્યાંત્યાં દુ:ખ, દૈત્ય, ભીતિ, ક્લેશ વગેરેનું ઉદાસ વાતાવરણ નજરે પડે છે. કોઈના મોઢા પર તેજ, ઉલ્લાસ કે આનંદ નથી, કારણ શું ?

पुण्यस्य फलमिच्छन्ति पुष्पं नेच्छन्ति मानवाः ।
फलं पापस्य नेच्छन्ति पापं कुर्वन्ति यत्नतः ॥

પુણ્ય કે સત્કર્મનું ફળસુખ, તે બધાને જોઈએ છે. પણ સત્કર્મ કરવાની વૃત્તિ ભાગ્યે જ કોઈને થાય છે, પાપ કે દુષ્કર્મનું અચૂક ફળ તે દુ:ખ. તે કોઈનેય જોઈતું નથી, પણ દુષ્કર્મ કરવામાં તો બધા જ, હુંસાતુંસીથી આગળ ધાય છે.''

''તો પછી સર્વસાધારણ લોકો માટે પરમાત્મા કે શાશ્વત સુખશાંતિની પ્રાપ્તિ માટે તદ્દન સરળ અને સહેલું સાધન કયું?'' એવો પ્રશ્ન પોતે જ પૂછી ઉત્તર આપતાં કહે છે:

''મેં મારો સંદેશ એક જ ટૂંકા સૂત્રમાં આપી દીધો છે કે શ્વાસે શ્વાસે दत्त नाम स्मरात्मन् - કલ્યાણકાંક્ષી હે જીવ ! પ્રતિશ્વાસ શ્રીદત્તનું - જેણે તને બધું આપ્યું છે તે પરમાત્માનું નામસ્મરણ કર, હંમેશાં પ્રભુની યાદમાં જીવન વ્યતીત કર. માણસમાત્રને રોગ એક જ થયો છે અને તે ભવરોગ. એટલે જ અશાંતિ, ક્લેશ, કલહ, અસમાધાન અને તેના પર ભગવન્નામસ્મરણ એ

ઈલાજ પણ એક જ છે.

કોઈ પણ આધ્યાત્મિક અનુભવ - પ્રતીતિ સાચાં છે કે કેમ એ નાણી જોવા માટે શાસ્ત્રીય રીત આ છે: શાસ્ત્રપ્રતીતિ, ગુરુપ્રતીતિ અને આત્મપ્રતીતિ એમ ત્રણ એક હોવાં જોઈએ. શાસ્ત્ર એક કહે, ગુરુ કાંઈ બીજું જ બોલે અને આપણે કાંઈ ત્રીજું જ અનુભવીએ તો એ અનુભવ પૂર્ણ વિશ્વાસ કરવાને લાયક નથી, એમ જાણવું. ગુરુ નાનક કહે છે: 'નાનક દુખિયા સબ સંસારા જો સુખિયા સો નામ અધારા.' સંસાર સઘળો દુ:ખથી જ ભરેલો છે. જે કોઈ પૂર્ણ સુખી છે તેના સુખનો પાયો ભગવન્નામસ્મરણ જ છે.

પણ નામ કોનું લેવું ? કોઈ કહે છે: રામ મોટો, કોઈ કહે છે: કૃષ્ણ મોટો, કોઈ કહે છે: શિવનું નામ સારું તો કોઈ કહે છે: દત્તનું નામ મોટું. પણ આ બધું અજ્ઞાન છે. ઈશ્વર એક છે. એનાં નામ અનેક છે, રૂપ અનેક છે. વસ્તુત: તો એનાં અનેક નામ ને રૂપ હોવા છતાં એ તો તત્ત્વત: અનામી-અરૂપી જ છે. કોઈ પણ નામરૂપની કેદમાં સપડાયેલો નથી.''

એક ઠેકાણે આ ભગવન્નામસ્મરણના પથ્યરૂપે તેઓશ્રીએ કહ્યું કે परस्पर देवो भव - તમે એકબીજામાં દેવત્વ નિહાળતાં શીખશો તો બીજો પણ તમને દેવ નીરખશે અને અંતે શાશ્વત સુખમાં ઓળટવાનાં બધાંનાં જ સ્વપ્નો સિદ્ધ થશે.

આ સંદર્ભમાં યાદ આવે છે કે સ્વામી શ્રી મુક્તાનંદજી પાસે વિશ્વશાંતિનો સંદેશ લેવા આવેલા પ્રતિનિધિમંડળને પૂ. મુક્તાનંદજીએ પણ આ અવધૂતી સૂત્ર જ આપ્યું હતું કે આજની બધી જ અશાંતિનો ઉપાય परस्पर देवो भव એ સૂત્રના અમલમાં જ રહેલો છે.

આફ્રિકામાં બાળકો વચ્ચે બોલતાં તેમણે જે કહ્યું તેમાં પ્રાર્થનાની મહત્તા તો આવી જ જાય છે પણ બધે જ સફળતા મેળવવાની ચાવી પણ તેમાં બતાવાઈ છે.

મને કાલે એક ભાઈએ પૂછ્યું કે, ''બધે જ સફળતા મેળવવાની કોઈ કૂંચી છે ખરી?'' મેં કહ્યું: હા. सानुकूले जगन्नाथे - જો પરમાત્માને અનુકૂળ થાય એટલે આપણને થાય, તો सानुकूलं ज़गत् त्रयम् બધી દુનિયા આપણને સાનુકૂળ છે. અને नानुकूले जगन्नाथे नानुकूल जगत् त्रयम् પરમાત્માને અનુકૂળ નહીં હોય તો માણસ ફાવે તેટલા ધમપછાડા મારે તોપણ એ જીવનની અંદર યશસ્વી થતો નથી. કોઈ પણ રીતે તમે સમજો એવી ભાષામાં કહું તો જો રાજા સાથે દોસ્તી કરી હોય તો વગર માગ્યે રહેવા માટે બંગલો મળે, નોકરચાકર મળે, ચાંદીની થાળીઓમાં ખાવાનું મળે, બગીચા મળે, સારાં કપડાં મળે, બધું જ મળે અને દીવાનથી ચપરાસી સુધી બધા જ આપણને સલામો ભરતા ફરે. પણ એને માટે થોડી મહેનત કરવાની જરૂર છે એટલું જ. એવી રીતે રાજાઓના રાજા પરમાત્મા, આખાય બ્રહ્માંડ પર જેની સત્તા ચાલે છે તેની સાથે જો થોડી દોસ્તી થઈ જાય - અને એ થોડામાં રીઝે એવો છે. એને કંઈ બીજું જોઈતું નથી. 'भावेन देवं' ભાવ આપણો સાચો હોવો જોઈએ. તે ભાવ પ્રદર્શિત કરવાને માટે પ્રાર્થના એક સાધન છે, એ એક પુલ છે. પરમાત્મા પાસે જવા માટે આપણે આ તરફ છીએ, પરમાત્મા પેલી તરફ છે અને કલ્પના કરો, વચમાં એક મોટો મહાસાગર છે. એ તરવાને માટે પ્રાર્થના એક પુલ છે.

# ૧૧. દત્તોપાસના

પૂ. શ્રી સાથે દત્ત-ઉપાસના જોડાયેલી છે. પણ એઓશ્રીનો દત્ત એ કાંઈ પાંથિક દેવની માફક એક નાનકડા મંદિરમાં સમાઈ રહેલ પાષાણનો ટુકડો કે કોઈ મનુષ્યને પેટે અવતરેલ સાડા ત્રણ હાથનું હાડચામનું નાશવંત પૂતળું નથી, પણ અણુમેરુમાં વ્યાપીનેય અવશેષ રહેલ પૂર્ણ પરબ્રહ્મ છે. એનાં ત્રણ મુખ તે સત્, ચિત્ અને આનંદ છે; અને ઐશ્વર્ય વગેરે છ વિભૂતિઓ તેની ષડ્ભુજાઓ છે. યોગભૂમિ – કામક્રોધાદિ દુર્ગંધયુક્ત મડાંની દાહભૂમિ જે મુમુક્ષુઓનું અંતઃકરણ – સ્મશાન છે, અને ઈશ્વરના નિઃશ્વાસરૂપ વેદ કૂતરારૂપે એના પગ ચાટે છે.

''આ દત્ત-ઉપાસનામાં ઝઘડાને સ્થાન જ નથી, કોઈ ઉપાસના સાથે વિરોધ નથી, કોઈ દેહધારી આસુરી દૈત્યનો વધ કરવા માટે એનો આવિર્ભાવ નથી થયેલો. અત્ર્યનસૂયાની એકનિષ્ઠ ભગવદ્ભક્તિના ફળરૂપ એ અવતાર સાધક માત્રને નડતા મોહાસુરનો નાશ કરી જગતમાં વિશુદ્ધ પ્રેમ, જ્ઞાન, અદ્વૈત ફેલાવવા માટે જ પ્રગટ થયેલો હોવાથી એને આદિગુરુ કહ્યો છે અને તેથી જ એ દત્ત-ઉપાસનાની પશ્ચાદ્ભૂમિ પર અન્ય કોઈ પણ ઉપાસના ઊલટી વધારે તેજસ્વી બને છે.''

દત્તાત્રેય દિગંબર કહેવાય છે તેને સમજાવતાં કહે છે: ''દિગંબર – દિશાઓનું અંબર – એ વ્યુત્પત્તિ પ્રમાણે વસ્ત્રની માફક દિશાઓને ઢાંકનાર એટલે પિંડ અને બ્રહ્માંડની બહાર પણ વ્યાપી રહેનાર; અને દિશા અંબર છે જેનું એ વ્યાખ્યા પ્રમાણે દિશારૂપી વસ્ત્રની અંદર રહેનાર એમ બંને વ્યાખ્યાનો સાથે અર્થ

કરતાં, બ્રહ્માંડને અંદર-બહાર વ્યાપીને રહેનાર 'સત્યનિષ્ઠત્ દશાંગુલમ્' એવું નિત્ય નિગુર્ણ પરમતત્ત્વ - પરમાત્મા.

દત્તાવતારની ઉપાસનાનું રહસ્ય બતાવતાં તેમણે લખ્યું:

દત્તાવતાર એટલે 'तेन त्यक्तेन भुंजीथाः'નું સગુણ, સાકાર, પ્રત્યક્ષ સ્વરૂપ, પરાર્થે 'स्व समर्पणम्'નો મૂર્તિમંત આદર્શ; 'शान्तं शिव सुन्दरम्'નું બોલતુંચાલતું પ્રતીક; બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, વિશ્વનાં મૂળમાં રહેલ સર્જક, સંરક્ષક, સંહારક, અનાદિ આદિ પરિબળોનું જગદ્વિતૈક દષ્ટિએ સમન્વયાત્મક જીવતું દષ્ટાંત; ૐકારના અકાર, ઉકાર અને મકાર કે સત્, ચિત્ અને આનંદરૂપ ત્રિમુખ ધારણ કરનાર; ભૂત, ભાવિ ને વર્તમાન અને આધારરૂપ મહાકાલનું અવિનાશ, અખંડ અધિષ્ઠાન; પરમ પાવન પરબ્રહ્મ પરમાત્માના અનંત દાતૃત્વ ને ત્યાગનું ભાવૈકગમ્ય ષડૈશ્વર્યયુક્ત દિવ્ય રૂપ-નિરપેક્ષ સર્વાશાવિનિમુક્ત, અનિકેત, નિર્દંભ, અનાદિ, અવિનાશ આરોચનક જીવંત મૂર્તિ વહેત લંગોટીની એ માલિકી સહન ન કરનાર, જગતભરમાં માંગલ્યની વર્ષા કરતા, ઉંમરે ઉંમરે અહાલેક જગાવતા, મૂક આચારગર્ભ સ્વયંપ્રચારની જાગતી જ્યોત સમા મુક્ત ફરનાર દિગંબર દિવ્ય ફકીરા !

અને દત્ત-ઉપાસક એટલે એની જીવનદષ્ટિ કેળવી એના આદેશ પ્રમાણે જીવન જીવવાનો યત્ન કરનાર મુમુક્ષુ સાધક. તેનો આચાર એ જ ઉપદેશ છે; મૌન કે સૂચક બોલવું એ જ વ્યાખ્યાન છે; સહજ સતત ઉદ્યોગ એ જ ઉપાસના છે; પુરુષાર્થ કે પરિશ્રમ એ જ તપ છે; અહંકારને બાળીને લગાવેલ ભભૂતિ એ જ વિભૂતિ (વૈભવ) છે; શીલ એ જ શણગાર, અકિંચનતા એ જ ઐશ્વર્ય, કર્મકૌશલ એ જ યોગ છે; ભૂતદયા એ જ ભોગ અને સહજ સેવા

એ જ સ્વધર્મ છે. શ્વાનસુરભિ, રાયરંક, અમીરફકીર, બ્રાહ્મણચાંડાલ એને સમાન છે. રાગદ્વેષ, માનઅપમાન, નિંદાસ્તુતિ વગેરે દ્વંદ્વોથી એ પર છે - અસ્પૃષ્ટ છે. મૂંગા સાથે મૂંગો, વાચાળ સાથે વાચાળ, મૂઢ સાથે મૂઢ, વિદ્વાન સાથે વિદ્વાન, બાળક સાથે બાળક, યુવાન સાથે યુવાન, બૂઢા સાથે બૂઢો, સ્ત્રી સાથે સ્ત્રી, પુરુષ સાથે પુરુષ, જ્ઞાની સાથે જ્ઞાની, મૂરખ સાથે મૂરખ, જેને મળે તેની સાથે પાણીની માફક ભળે, છતાંય કોઈનાય સંગથી રંગાયા કે લેપાયા વગર બધે નિ:સંગ ફરનાર અનિકેત છતાં સ્થિર મતિ, આમ પરઉદ્ધાર માટે પોતાની અનોખી રીતે વર્તમાન વહેણ સાથે વહી ન જનાર યતમાન યતિ, સંયમી, અવધૂત છે. જે લેવામાં સમજ્યો જ નથી, અનાયાસે પ્રારબ્ધવશાત્ આવી મળે તે અન્યને આપવામાં જ એનો આનંદ સમાયેલો છે. જે ફકીર છતાં અમીર છે, અમીર છતાં ફકીર છે. અકિંચન છતાં લોકહૃદયના સિંહાસન પર બિરાજેલ બાદશાહ છે. બાદશાહ છતાં શાહી તુમાખીથી પર છે:

બના માલિક બિના દૌલત,<br>
બના રાજા બિના રૈયત,<br>
કરું બાતાં બિના મૈયત.

- એ એની આત્મખુમારી છે ને એવી અકથ્ય આત્મમસ્તીમાં આલાપે છે કોક વાર એ:

હમો મનમોજી ફરનારા ! હમોને બાંધનારું કૂણ?<br>
સદા નિ:સંગી ને ન્યારા, જગતને માનનારા તૃણ ! વગેરે

(જુઓ અમર આદેશ : પૃ. ૧૬૭)

એમણે એક અવધૂતી જાહેરાત - 'ઉપદેશકો જોઈએ છે' તે

અંગેની - લખી છે જે એમનો આદર્શ કેવો હતો તે તરફ નિર્દેશ કરે છે. આ રહી એ જાહેરાત:

જોઈએ છે ! જોઈએ છે !! જોઈએ છે !!!

કોણ? ઉપદેશકો.

કેવા ? વાણીશૂરા નહીં, પણ વર્તનશૂરા.

માત્ર શબ્દથી શીખ દે તેવા નહીં, પણ પોતાની જાતને ઉપદેશે તેવા. 'परोपदेशे पाण्डित्यम्' કરે તેવા નહીં, પણ પોતાની જાતને ઉપદેશે તેવા: બધાના ગુરુ થવા દોડે તેવા નહીં, પણ સર્વના શિષ્ય થવા મથે તેવા.

ઉધાર આદર્શવાદી નહીં, પણ રોકડ વાસ્તવવાદી.

સ્વપ્નસેવી નહીં, પણ જાગ્રત-જીવી.

પગાર શો મળશે ?

આત્મસંતોષ, અમર આનંદ, શાશ્વત શાંતિ !

અરજી ક્યાં કરવી ? અંતરના ઊંડાણમાં.

કામ પર ક્યારે ચડવું ? નિશ્ચય પાકો થાય ત્યારે, અબઘડી !

હાજર ક્યાં થવું ? જ્યાં હો ત્યાં જ, સર્વત્ર !

અરજી સ્વીકાર્યાનો જવાબ ? ઉરનો ઉલ્લાસ.

અરજી કોને કરવી ? અંતરાત્મા અવધૂતને !!

જગત્સુહૃદ, રંગ અવધૂત

જયપુરમાં તેઓશ્રીની ૭૧મી રંગજયંતી ઊજવાઈ, જ્યાં તેમણે આશીર્વાદાત્મક પ્રવચન કર્યું જે અંતિમ બની રહ્યું. તેમાં તેઓશ્રીના ઉપદેશનો જાણે સાર આવી જતો હોય તેવું એ પ્રવચન છે. ચાર સંસ્કૃત શ્લોકો ઉપર જ વિવેચનાત્મક કશીય પૂર્વતૈયારી વિના અપાયેલી સમજૂતી એ પ્રવચનમાં આવે છે:

.તમારો દરેક ઠેકાણે, દરેક કાર્યની અંદર બધે જયજયકાર થાઓ. તમે બધા પરમાત્માના અનુસંધાનની અંદર હંમેશાં મગ્ન રહો. (આવી રીતે કરશો તો) જન્મ, મૃત્યુ, જરા (બુઢાપો) અને એની મુશ્કેલીઓ એ બધાંની અંદરથી બહુ સહેલાઈથી પસાર થઈ જશો.

તમે બધા સદાચારયુક્ત રહો, તમે બધા મુક્ત થાઓ (ઇંદ્રિયદમન કરો), શમયુક્ત (મનોનિગ્રહ કરનાર) થાઓ. તમારી પાસેનું પરાર્થે (બીજાને માટે, જે કંઈ હોય તેનો સદુપયોગ, પરમાત્મા પ્રીત્યર્થે) વાપરો. એવો યજ્ઞ કરનારા થાઓ. ખોટી દોડધામમાંથી મુક્ત થાઓ અને પરશ્રેય શાંતિ અથવા મોક્ષ એ પથના પ્રવાસી થાઓ.

આ નગરની અંદર સુખસમૃદ્ધિ ખૂબ વધ્યા કરે અને બધા પુણ્યને માર્ગે પળો. એકબીજાને તમો ભાઈબહેનની માફક ચાહો. બીજાના મતની સહિષ્ણુતા વધો.

પરમાત્માની કૃપાથી તમે બધા રિદ્ધિ, સિદ્ધિ, યશ, કીર્તિ, બળ વગેરે પામો અને બધા જ લોકો હંમેશાં આનંદની અંદર મસ્ત રહો. તમને બધાને કલ્યાણને માર્ગે પ્રભુ લઈ જાઓ.

## ૧૨. આશીર્વાદાત્મક સંદેશાઓ

અવધૂતજીએ જન્મના દિવસોએ જ પ્રવચનો આપ્યાં છે એમ નહીં. ઘણી વાર જુદા જુદા પ્રસંગે સંદેશાઓ, પત્રો, આશીર્વાદ વગેરે પાઠવી પ્રસંગોને અનુરૂપ પોતાનું વિચારચિંતન સમાજ સમક્ષ રજૂ કર્યા કર્યું છે.

રાઈફલ તાલીમ શિબિર નારેશ્વરમાં થઈ ત્યારે તેના ઉદ્દ્ઘાટન પ્રવચનમાં બોલતાં તેમણે કહ્યું કે, ''માનવીને અંદર અને બહાર યુદ્ધ ખેલવું પડે છે. જીવન એક સંગ્રામ છે. આ જગતમાં સ્વમાનભેર જીવવું હશે તો એકેએક નાગરિકે યુદ્ધની તાલીમ લેવી જોઈશે. સ્વમાનત્યાગ અને રાષ્ટ્રપ્રેમવિહોણું જીવન એ મૃત્યુ સમાન છે.''

ડાકોરની વિદ્યાસંસ્થાની મુલાકાત સમયે કહ્યું: ''કોઈ પણ સારું કામ પૈસાને અભાવે અટકી પડતું નથી. કામની સંગીનતા ને નિ:સ્વાર્થતા જ એની સુગંધ ચોમેર દૂર દૂર ફેલાવે છે ને ફાવે તેવી દિશામાંથી જોઈતો પૈસો આપમેળે તણાઈ આવે છે.''

ગુરુપૂર્ણિમાના મહત્ત્વ વિશે તેમણે કહ્યું: ''ગુરુપૂર્ણિમા એટલે આધ્યાત્મિક વિકાસનું સરવૈયું કાઢવાનો દિવસ....'' અને ''ગુરુપૂજન એટલે શ્રીસદ્ગુરુના...સદુપદેશને આચરણમાં ઉતારવાના સંકલ્પરૂપ લોકસંગ્રહ માટે કૃતજ્ઞતાદર્શક સમારંભ.''

ધર્મમાં ઝઘડાનું મૂળ ક્યાં છે તે શોધી કાઢી કહ્યું: ''કોઈ પરમાત્માને કંઈક એક રૂપમાં માને છે, તો કોઈ કંઈક બીજા રૂપમાં માને છે, અને આ રીતે માનીને બેસી રહેતો હોય તો ઝઘડો થતો નથી, પણ 'જ્યાં જિસને માના, મના રહા હૈ' - બીજાને પોતાની રીતે મનાવવાનો પ્રયત્ન કરે એટલે પોતાના ટોળાની અંદર ભેળવવાનો પ્રયત્ન કરે છે અને તેથી આ બધા ઝઘડાઓ થાય છે. ઊલટું બધા જ લોકો એક જ માર્ગે ચાલતા હોય તો હું એમ કહું છું કે વધારે ભટકાવાનો પ્રસંગ આવે, પણ અનેક માર્ગે ચાલતા હોય તો ભટકાવાનો પ્રસંગ નહીં આવે.

ધર્મપરિષદને સંદેશો આપતાં તેથી જ લખ્યું: ''જુદા જુદા

ધર્મ એ પ્રભુને પામવાના જુદા જુદા માર્ગો છે. અંતિમ મંજિલ કે પ્રાપ્યસ્થાન બધાનું એક જ છે.... અર્થકામની પ્રાપ્તિ, વહેંચણી અને ઉપભોગ જો ધર્મમૂલક ન હોય તો સમાજમાં અખંડ અસંતોષ અને યાદવાસ્થળી જામેલી જ રહે. અને મોક્ષ કે પરમશાંતિની માત્ર વાતો જ કરવાની રહે.''

એક સાપ્તાહિક નીકળતું હતું તેના તંત્રીશ્રીને સંદેશ આપતાં લખ્યું: ''આપણી આઝાદી સાચી આબાદીનું પ્રતીક બને, આપણી લોકશાહી ટોળાંશાહીમાં ન પરિણમે, આપણું સ્વરાજ સ્વ-પૈસા કે પૈસાદારોનું રાજ અથવા સ્વ-સંબંધીઓ કે લાગતાવળગતાઓનું રાજ ન બનતાં સ્વ-પોતાનું, દરેકનું રાજ બને અને તેના સંચાલનમાં સાચા લોકમતનું પ્રતિબિંબ હોય...અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું સર્વોદયનું સ્વપ્ન સફળ થયેલું જોવાને શક્તિમાન થઈએ એ ધ્યેય હંમેશાં નજર આગળ રાખી...અને એ માટે જોઈતી શક્તિ અને તટસ્થ નિર્વિકાર દૃષ્ટિ જગન્નિયંતા પરમાત્મા આપને બક્ષે એવી સહૃદય પ્રાર્થના છે.''

એક સાપ્તાહિકની દશાબ્દી પ્રસંગે લખ્યું: ''વર્તમાનપત્ર એ લોકમાનસની નાડીના ધબકારા માપવાનું અક્ષરયંત્ર છે - હોવું જોઈએ. જનતા અને સરકાર વચ્ચેની ખાઈ ઉપર પુલ સમાન છે....''

રમતપ્રેમી યુવાનોને શીખ આપતાં જણાવ્યું કે, ''રમતગમતનું મેદાન શારીરિક સ્વાસ્થ્ય, બુદ્ધિની શીઘ્ર નિર્ણાયકશક્તિ અને હૃદયની હમદર્દ ઉદાત્ત ભાવનાઓ કેળવવા માટે સારામાં સારું ક્ષેત્ર છે....માત્ર ક્ષુદ્ર મનોરંજન કે કાળક્ષેપના

સાધન તરીકે એનું અવલંબન ન કરતાં રમતગમત માનવજીવન સમૃદ્ધ બનાવવાની ઉચ્ચ શક્તિઓ કેળવવાનું પણ એક સાધન છે એવી જીવનસાધનાની દિવ્ય ભાવનાથી રમતો રમાય એ ખાસ જરૂરી છે.''

વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉભયને માટે તેમણે મંત્રો આપતાં લખ્યું:

''જેવી રીતે વિદ્યાર્થીઓ માટે 'आचार्य देवो भव' તારકમંત્ર છે તેવી જ રીતે અધ્યાપકો અને શિક્ષણસંસ્થાના સંચાલકો માટે 'छात्र देवो भव' જીવનમંત્ર હોવો જોઈએ.

'તેલ સમાચાર' પાક્ષિકનો સંદેશ અત્યંત મહત્ત્વનો બની રહે તેવો છે. શીર્ષક છે 'સ્નેહ(તેલ)ના ફુવારા, ''બાળકના જન્મ સાથે જ એના પ્રત્યેના વાત્સલ્યના પ્રતીક સમી એની માતાના સ્તનમાંથી દૂધની ધારાઓ છૂટે છે તેમ ગુજરાત રાજ્યની શૈશવ અવસ્થામાં જ ગુર્જરીના વક્ષ:સ્થળમાંથી સ્નેહ(તેલ)ના ફુવારા ઊડવા માંડે એ જોઈ કોનું હૈયું હિલોળે ન ચડે ?

રાષ્ટ્રની સમૃદ્ધિ - રથનાં બે પૈડાં - ઉદ્યોગ અને ખેતી; એટલે આજના યંત્રયુગમાં તેલનું મહત્ત્વ એ પૈડાંમાં ગતિ પૂરનાર ધરી સમાન છે. એ ધરી ઘરને આંગણે જ તૈયાર થતાં થોડાં વર્ષોમાં જ એ માટેનું પરાવલંબનપણું નષ્ટ થશે, અને એ માટે બહારની દૂધની ભૂકીથી માંડ પોષાતા બાળકની માફક પરદેશના મોં સામું જોવાનું નહીં રહે. દેશ આખો ઉદ્યોગોથી ધમધમી ઊઠશે અને દેશની કાયાપલટ થઈ સમૃદ્ધિનાં સોણલાં પ્રત્યક્ષ થતાં વાર નહીં લાગે.''

મૌન વિશે એક પત્રમાં લખે છે:

''મૌન અને ઉપવાસ ખૂબ શાંતિથી પૂરાં થયાં. મૌન એ ખરેખર મુમુક્ષુને માટે અત્યંત શક્તિદાયક છે....બહુ બોલવાથી શક્તિનો વ્યય થાય છે અને મનનું ચાંચલ્ય વધે છે. શું બોલનારનાં બોર વેચાય અને ન બોલનારની નારંગીયે ન વેચાય એમ કહો છો ? ભલા માણસ, એ Buying and Selling (ખરીદ-વેચાણ) ક્યાં સુધી કર્યા કરશો? જાતે જ ખૂબ ખાઈ લો અને બાકીનાં લૂંટાવી દો, સાચેસાચી ક્ષુધા લાગી હોય તેમને, ક્ષુધાતુરોને બોલાવવા માટે પણ બૂમો પાડવાની જરૂર નથી શું ? ના. જરાયે નહીં. તમારી પાસે સરસ અન્ન ભર્યું પડ્યું હશે તો તેની સુગંધથી ખેંચાઈને તેઓ જાતે જ તમને ખોળતા આવશે.''

## ૧૩. વિશિષ્ટ વિચારધારા

એઓશ્રીએ ગદ્યસાહિત્યમાં ઘણું જ્ઞાન ઠાલવ્યું છે પરંતુ પદ્યાત્મક રીતે પણ ખૂબ કહ્યું છે. એક નમૂનો શ્રી ગુરુલીલામૃત ગ્રંથમાંથી જોઈએ:

ભિન્ન નામ નદીઓ સહુ, ગંગા જમુના એમ;
માને નામે ભિન્ન જન, ગોદા, રેવા તેમ.
સમુદ્રમાં મળતી બધી, નામરૂપ નિશાન,
કોણ ઓળખે એમનું ? અભિન્ન એ જળ માન.
જ્ઞાને બ્રહ્મ જીવ ત્યમ થતાં લીન, આભાસ.
રહે ન ત્યાં ભિન્નત્વનો, આ દ્વિતીયાભ્યાસ.

૧૭-૨૪-૨૬ એમના સંસ્કૃત રંગહૃદયમ્માં કહે છે:

काण्ठांश्चागन्नी यो मृतस्यापि दत्ते
किं वृत्तिं नो जीव युक्तस्य तेऽसौ ।
श्रद्धायुक्तं तस्य पादौ गृहाण
श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ २९ ॥

(ર. હૃ. પૃ. ૪૮)

એનો શ્લોકાત્મક અર્થ - એમનો જ કરેલો છે:

અરે કાષ્ઠ અગ્ન્યાદિ દે જે મૃતોને
ન અન્નાદિ એ શું તને જીવતાને ?
જઈ ઝાલ શ્રદ્ધાથી તત્પાદ તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૯ ॥

એક ઠેકાણે બહુ બોલવાની ના કહેતાં લખે છે:

भाषणं भषणं विद्धि चित्तस्वास्थ्य प्रहारकम् ।
सभा भासो वृथा लोके तस्माज्जागृहि जागृहि ॥

(રં. હૃ. પૃ. ૪૦૨)

ભાષણ ભસવું જાણ તું, ચિત્તશાંતિ હર જેહ;
સભા ભાસ ખોટો જગે, માટે જાગ સદેહ.

ગૃહસ્થાશ્રમ વિશે શું કહે છે?

का वन्द्या? गृहलक्ष्मीर् दक्षा धन्या पतिव्रता नारी ।
को गृहभानुः प्रोक्तं? पुत्र विश्वन्ताहरः पितुर्लोके ॥

વંદનીય કોણ છે ? ચતુર, ધન્ય અને પતિવ્રતા ગૃહની લક્ષ્મી એવી પત્ની, ઘરનો સૂર્ય કોણ કહેવાય ? પુત્ર કે જે લોકમાં પિતાની ચિંતા દૂર કરે તે. (પૃ. ૩૮૨)

અવધૂતી આનંદમાંનું નીચેનું ભજન એમની અવધૂતી મસ્ત દશાને તો વર્ણવે છે, સાથે સાથે સાધકને ઉપયોગી બોધ પણ

આપે છે:

રે મન ! મસ્ત સદા દિલ રહના.
આન પડે સો સહના ધ્રુ.

કોઈ દિન કંબલ, કોઈ દિન અંબર, કભુ દિગંબર સોના;
આત્મનશેમેં દેહ ભૂલાકે, સાક્ષી હો કર રહના રે૦ ૧

કોઈ દિન ઘીગુડ મૌજ ઉડાના, કોઈ દિન ભૂક સહના,
કોઈ દિન વાડી કોઈ દિન ગાડી, કભુ મસાણ જગાના રે૦ ૨

કોઈ દિન ખાટ પલંગ સજાના, કોઈ દિન ધૂલ બિછૌના;
કોઈ દિન શાહ બને શાહોં કે, કભુ ફકીરા દીના રે૦ ૩

કડુઆ મીઠા સબકા સૂનના, મુખ અમૃત બરસાના;
સમજ દુ:ખસુખ નભબાદલ સમ, રંગ સંગ છુડાના. રે૦ ૪

વિચાર, વાણી અને વર્તનમાં એકતા માટે કહે છે:

વાણી-વર્તન-વાક્યે સમતા, નિરહંકૃતિ ના જેને મમતા;
વણમાગ્યે રંગ મળે પ્રભુતા, એના સુખને ક્યાંય વિરામ નથી.
(અ. આ. પૃ. ૪૩)

સાચા સાધકને પ્રભુની લગની કેવી લાગવી જોઈએ તે વિશે કાવ્યાત્મક વાણીમાં તેઓશ્રી કહે છે:

કાષ્ઠ થઈ પાવડી પાંવની તુજ બનું
મૂક્ બની કેશ કાળા પખાળું !

દેહ બાળી બનું ભસ્મ ભીતિહરા,
અંગ પર જો ધરે તું કૃપાળુ !!
મૃગ થઈ વ્યાધથી દેહ વીંધાવું આ,
અજીન થઈ બેસવા કામ લાગું !
શ્વાન થઈ મંદિરે નિત્ય ચોકી કરું
દરસ વિણ આન નવ કાંઈ માગું ।। (પૃ. ૧૬)

ભક્તિ વિશે કહે છે:

ભક્તિની મુક્તિ છે દાસી, હો લાલ! ભક્તિની મુક્તિ છે દાસી
કર્મે અધિકારનો પાર ન આવે,
યોગે પ્રાણાપાન ફાંસી! હો લાલ!

પરંતુ ભક્તિનો દંભ નકામો છે, અરે ક્યાંય પણ દંભ નકામો છે તે વિશે કહે છે:

ભાવૈક્ય ભૂલી ક્રિયૈક્ય ઝીલે,
ન એ જ્ઞાન શ્વાનપણ !
હો પિપાસુ ! પીવું જ્ઞાનામૃત પૂર્ણ !

અથવા અન્યત્ર કહે છે:

જગવી ધૂણી ધૂપાદિ કર્યા, દીવડા અંતરના ના પ્રજળ્યા;
ક્રોધ દ્વેષાદિક જો ન ગળ્યા, ગબડ્યા અધવચ તૂટી તંગડી !
જેને જ્ઞાન નિરામય બૂટી જડી, તેને પરમારથની સૂઝ પડી !

આ બધું હોવા છતાં તેઓશ્રી પોતાને વિશે શું કહે છે ?

હું મૂરખ નાદાન, સંતો, હું મૂરખ નાદાન !

અને એ રીતે પોતાને દત્તદ્વાર પર ચોકી કરતા શ્વાન સાથે સરખાવી પોતાની વિનમ્રતા પ્રગટ કરે છે. તો ક્યાંક પોતાને જ ઉદ્દેશીને લખતાં સર્વને બોધ આપે છે કે –

સુખદુ:ખ મનનાં સોણલાં, જન્મમરણ તનગંધ,
બની રમકડું ઈશનું ખેલ રંગ નિર્દ્વંદ્વ.

અને છેલ્લે,

'રંગ' રંગ જન શું કહે, રંગ સંતપદ ધૂળ !
ભાવે સદ્‌ગુરુ સેવતાં, ચારે જગ પદધૂળ !

અને એવા સદ્‌ગુરુની આપણે ભાવથી સેવા કરતા થઈ જઈએ એવો સુયોગ મળે એ જ અભ્યર્થના કરવી રહી.

## ૧૪. સમાપન

અવધૂતજીના જીવન અને ઉપદેશનું વિહંગાવલોકન આપણે કર્યું. આમ તો એમના જીવનનાં અનેક પાસાં છે અને દરેક પાસું ચમકતા કીમતી હીરાના પહેલદાર પાસાની માફક તેજસ્વી છે. પણ આ નાનકડી પુસ્તિકા ફક્ત એની કંઈક ઝાંખી કરાવશે તોય સાર્થક છે.

અવધૂતજીએ જીવનને સમગ્રતયા જોયું છે; ટુકડાઓમાં નહીં. આથી જ એક અખંડ જીવનની, પૂર્ણ જીવનની સાધનાનાં સોપાનો કેમ ચડાય તેની સદાય કાળજી રાખી છે અને એમના સંસર્ગમાં આવનારને તે તરફ જ આંગળી ચીંધે છે.

એમની લોકસંગ્રહાત્મક પ્રવૃત્તિઓ પણ આ ધ્યેયને નજર સમક્ષ રાખીને જ થઈ છે. પહેલાં તેઓશ્રીની ઉપસ્થિતિમાં, સાંનિધ્યમાં શ્રીદત્ત ભગવાનની જન્મજયંતી ઊજવાતી હતી. માગશર સુદિ પૂનમના આઠ દિવસ અગાઉ બધા ભેગા થતા. પાઠ, પૂજા, પારાયણો થતાં; ઉત્સવ થતો. એક આદર્શ

લોકમેળો કેવો હોય તેનું દર્શન ત્યારે થતું. પછી ગુરુપૂર્ણિમા અને રંગજયંતીના ઉત્સવો ઉમેરાયા. પછી તો નારેશ્વરમાં કોઈ પણ ધર્મકર્મ થાય કે ઉત્સવ જેવું જ થઈ જતું. યજ્ઞના બ્રાહ્મણો પણ ગુજરાત-મહારાષ્ટ્રમાંથી ઉત્તમોત્તમ વીણીને લેવામાં આવતા. સર્વકર્મના સાક્ષી સવિતાનારાયણ ઊગે ત્યારે તો કર્મનો આરંભ થઈ જ જતો. મંડપમાં પણ શિસ્ત જળવાતી જે પ્રણાલિકા આજે પણ જોવામાં આવે છે.

સર્વધર્મનો સમન્વય અહીં જેવો બીજે ભાગ્યે જ જોવા મળે. જેમ યજ્ઞમાં પ્રણાલિકા સ્થાપી તેમ ધર્મની બાબતમાં પણ કેટલાક ક્રાંતિકારી નિર્ણયો લીધા. જેમ કે બ્રાહ્મણ બાળકોને સમૂહ યજ્ઞોપવીત આપવા-અપાવવા અંગે તેમણે જાહેરમાં એવા સમારંભોને ઉત્તેજન આપ્યું. વેદ ભણાવવા માટે ગોદાવરી મૈયાના આશ્રમમાં, અહીં સ્થાનના આગળ પડતા સુરતના વેદરી શ્રી (હાલ સ્વર્ગસ્થ) ચંદ્રકાન્તભાઈ શુકલને જવા માટે આશીર્વાદ આપ્યા. એક યજ્ઞ અને પ્રતિષ્ઠા સમયે હનુમાન પર ચડાવવા માટે આવેલું ડબ્બાબંધી તેલ ત્યાંની આજુબાજુ રહેતી આદિવાસી વસ્તીમાં વહેંચી દેવાનું કહ્યું. હરિજનો સાથે પણ સરસ વ્યવહાર રાખ્યો, એટલું જ નહીં પણ સરખેજમાં એમને એક મંદિર બંધાવવું છે એમ જાણ થતાં તે મંદિર બંધાવી આપ્યું. સામાન્ય રીતે મહંતો, સંતો વગેરે પાસે ધન મુકાતું હોય છે. એમણે પાઈપૈસો ચોખા કશું જ ન મૂકવાનાં બોર્ડ માર્યાં એટલું જ નહીં ભૂલથી પૈસાનો સ્પર્શ થાય તો ઉપવાસ કરતા. છતાં બીજા પાસે પૈસો ન મૂકવો એવું એમણે કહ્યું નથી. આચારપરસ્તી અને ઈશપરસ્તી એ જ એમનાં જીવનસૂત્રો રહ્યાં. આથી તો તેઓશ્રી

માટે કોઈને વિરોધ રહ્યો નથી. એ જ રીતે મઠો, આશ્રમો વગેરેમાં ગાદીપતિ નીમવાની પ્રથા છે. એમણે કોઈનેય ગાદી સોંપી નહીં અને પ્રથમથી જ સ્થાનનો કે સ્થાનના ટ્રસ્ટમાં પોતાના અધિકારનોય મોહ રાખ્યો નહીં. પોતાના ચરણે આવતી બધી જ ચીજ પરાર્થે આપી દેવામાં જ આનંદ માન્યો. આ જેવીતેવી ક્રાંતિ નથી. કોઈ વિરલ વિરક્ત પુરુષ જ કામિની, કીર્તિ અને કંચનનો ત્યાગ કરી શકે છે. એ ત્રણેયનો ત્યાગ એઓશ્રીમાં સ્પષ્ટ દેખાય છે. આમ છતાં કોઈ પોતાને અનુસરે છે એવું જાણે ત્યારે એને હડધૂત તો નથી જ કર્યો. ઉત્તેજન આપ્યું છે. આપમેળે સ્વાભાવિકતાથી પ્રવાહપતિત કર્મ કરવામાં એમને આનંદ હતો અને એમ કોઈ કરે તો વિશેષ આનંદ વ્યકત કરતા. સમાજમાં જાગતી આંતરજ્ઞાતીય લગ્નોની સમસ્યા કે કન્યાના વિવાહની માબાપની ચિંતા ઘણી વાર એમની પોતાની ચિંતા બની રહેતી. પોતાને થોડુંઘણું કષ્ટ પડતું હોય પણ એનાથી કોઈ વ્યક્તિગત કે સામાજિક સમસ્યાનો ઉકેલ થતો હોય તો તેઓશ્રી તેમ કરવાને જરાય નારાજગી બતાવતા નહીં. આ દષ્ટિએ જ અનેકને અનેક રીતે માર્ગદર્શન મળતું રહ્યું. એમની આધ્યાત્મિક સિદ્ધિઓનો લાભ પણ ઘણાને મળતો ગયો, હજીયે મળતો જાય છે. સંતો શરીર ત્યાગે છે છતાં સર્વાંતર વિશે તેમનો વાસ હોય છે; પોતાના સ્થાનમાં પણ તેમનું તપશ્ચર્યાનું બળ હોય છે, તેજ હોય છે જે વ્યક્તિની શ્રદ્ધા અને તપશ્ચર્યા અનુસાર કાર્ય કરતું હોય છે. એમના જીવનની આસપાસ વણાયેલા અનુભવો, ચમત્કારો આ દષ્ટિએ જ જોવા જોઈએ. એ વ્યક્તિગત છે તેથી આ ચરિત્રમાં એનો ઉલ્લેખ કર્યો નથી.

અંતે એમના વિનોદી સ્વભાવનો એક પ્રસંગ ટાંકી લઉં જે ઘણું બધું કહી જાય છે.

એક ભાઈ એક વખત આવ્યા. પૂ. શ્રીને પૂછવા લાગ્યા: ''બાપજી ! આપે દત્તબાવનીમાં લખ્યું છે: 'દાસી સિદ્ધિ તેની થાય, દુ:ખદારિદ્ર તેનાં જાય' મેં તો બાપજી, બહુ પાઠો કર્યા - બાવન, બાવન ગુરુવાર અને બાવન બાવન પાઠો પણ કર્યા પણ મને તો કંઈ જ મળ્યું નહીં !''

પૂ. શ્રી હસતાં હસતાં કહે કે, ''ભાઈ, તમે એ લીટી સમજ્યા નથી. એનો અર્થ તો આવો થાય: તેની એટલે તેની ઘરવાળી સિદ્ધિ થઈ જાય, એટલે કે સીધેસીધી ઘરકામ, વાસીદું વાળતી થઈ જાય !''

પૂર્ણતાએ પહોંચેલા પુરુષનો જ આવો જવાબ હોઈ શકે એમાં શંકા હોય ખરી ?

આવા દેવાંશાવતારીને હજારો વંદન કરી વિરમીએ.

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

ISBN 81-7229-237-6 (set)